# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका   Bajkhedawal Patrika




વર્ષ : ૦૧   ૨૦૨૫ : ડિસેમ્બર

અંક : ૧૨



**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડ્યા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ-૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ

**૩૬મું રાષ્ટ્રીય અધિવેશન. તા. ૨૮–૧૨–૨૦૨૫, રવિવાર**

**યેવલા બીડીવાલા હોલ, અંબાજી**

(અધિવેશન સ્થળ અંબાજીમાં દાખલ થતા જમણા હાથે પહેલું જ આવશે)

## અધિવેશન કાર્યક્રમ

| સમય | માહિતી |
|---|---|
| ૧૦.૦૦ થી ૧૦.૧૦ | દિપ પ્રાગટ્ય – શ્રી સમીરભાઈ દવે |
| ૧૦.૧૦ થી ૧૦.૨૦ | સ્વાગત પ્રવચન – પ્રમુખશ્રી કિરીટકુમાર દવે |
| ૧૦.૨૦ થી ૧૦.૪૦ | સ્વાગત પ્રવચન – અધ્યક્ષશ્રી ભરતભાઈ ભટ્ટ |
| ૧૦.૪૦ થી ૧૧.૦૦ | સંસ્થાનો અહેવાલ – ઉપપ્રમુખશ્રી પ્રણવભાઈ જોષી |
| ૧૧.૦૦ થી ૧૧.૧૫ | ઉદ્‌ઘાટકશ્રીનું ઉદ્‌બોધન – શ્રી સમીરભાઈ દવે |
| ૧૧.૧૫ થી ૧૧.૪૫ | અતિથિ વિશેષશ્રીઓનું ઉદ્‌બોધન |
| ૧૧.૪૫ થી ૧૨.૧૫ | મુખ્ય મહેમાનશ્રીઓનું ઉદ્‌બોધન |
| ૧૨.૧૫ થી ૧૨.૪૦ | ગામે ગામના પ્રમુખશ્રીઓનું સન્માન<br>હિતવર્ધક સભાના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓનું સન્માન<br>હિતવર્ધક સભાના કારોબારી સભ્યશ્રીઓનું સન્માન |
| ૧૨.૪૦ થી ૧૨.૫૦ | આભાર વિધી, ઉપપ્રમુખશ્રી તરલભાઈ ભટ્ટ |
| ૧૨.૫૦ થી ૦૨.૧૦ | ભોજન વિરામ |
| ૦૨.૧૦ થી ૦૩.૩૦ | હાજર રહેલા તમામ જ્ઞાતિજનોની ધ્વજા નિશાન સાથે<br>સામુહિક અંબાજી મંદિરમાં ધ્વજા આરોહણ |
| ૦૩.૩૦ થી ૦૪.૩૦ | અંબાજી બજારમાં સ્વખર્ચે ખરીદી તથા ચા–કોફી |
| ૦૪.૩૦ થી ૦૬.૧૫ | ગબ્બર દર્શન દરેક જ્ઞાતિજનો પોતે જે સાધનમાં આવ્યા હોય<br>તે સાધનમાં બેસીની પહોંચવાનું અને પરત આવવાનું રહેશે. |
| ૦૬.૧૫ થી ૦૭.૦૦ | ગબ્બરની નીચે લાઈટ એન્ડ સાઉન્ડ શો (વિનામૂલ્યે) |
| ૦૭.૦૦ થી ૦૮.૦૦ | રાત્રિ ભોજન વ્યવસ્થા અધિવેશન સ્થળ પર |

ખાસ નોંધ – ગામે ગામના પ્રતિનિધીઓ પોતાના દ્વારા લાવવામાં આવનાર બસનું સમયસર સંચાલન કરશે. મંદિરના મેઈન ગેટની બહારની બાજુ ૦૪.૦૦ વાગે બસો મુકી દેવામાં આવશે. જે–તે વ્યક્તિએ જે–તે બસમાં જ બેસી ગબ્બર જઈ પરત આવવાનું રહેશે.

## અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન - અંબાજી, તા. ૨૮, ડિસેમ્બર, ૨૦૨૫

### પ્રમુખશ્રીનું નિવેદન શ્રી કિરીટકુમાર એમ. દવે

### તથા પ્રમુખ શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી - વિદ્યાનગર

### તથા પ્રમુખ શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ



*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા શરૂ કરનાર ભૂતપૂર્વ હોદ્દેદારો જ્ઞાતિજનો દ્વારા જે-તે સમયે સુંદર વિચાર ઉદ્ભવેલો જ્ઞાતિ સમાજની વિધવા ત્યક્તા બહેનોને કોઈની સામે હાથ લંબાવવો ના પડે અને તેઓને આર્થિક મદદ સંસ્થાની આવકની મર્યાદામાં રહીને કરી શકાય જેથી કરીને તેમનું જીવન ગુજરાન ચલાવવામાં મદદરૂપ થઈ શકે.*

*સાથે-સાથે બાજખેડાવાળ દિર્ઘદ્રષ્ટા, સ્પષ્ટ વક્તા તથા પોતાની રકમનું વધુમાં વધુ વળતર કેવી રીતે મળે તેનું પણ ધ્યાન રાખતો હોય આવા સંજોગોમાં વિશિષ્ટ સહાય ફંડમાં આવતી રકમની ફિક્સ ડિપોઝીટ કરી તેના વ્યાજમાંથી જ જ્ઞાતિના બહેનોને મદદરૂપ થવાનો અભિગમ શરૂ કરેલ જે રૂ. ૩૦/- થી શરૂ કરી ૨૦૦૪માં રૂ. ૧૮૦/- ચૂકવાતા હતા ૨૦૦૪થી અવિરત પણે નિયમિત રીતે અધિવેશનો કરવાની શરૂઆત થઈ. અધિવેશનની આવકમાંથી ખર્ચ બાદ કરી વધેલી રકમ વિશિષ્ટ સહાય ફંડમાં લઈ જવામાં આવતી હતી. જે વધતા-વધતા ચાલુ સાલે તા. ૩૧-૦૩-૨૦૨૫ના રોજ રૂ. ૨ કરોડ ૮૬ લાખ રૂપિયા રોજ ફિક્સ ડિપોઝીટ તરીકે (બેન્કોના વ્યાજ ઓછા થતા યુ.ટી.આઈ. મ્યુચ્યુઅલ ફંડમાં રકમો રોકવામા આવેલ છે. અત્યાર સુધીના અનુભવો પ્રમાણે ૧૦% થી ૧૩% જેવી રકમ વ્યાજ અથવા ડિવિડન્ડ તરીકે મળે છે)*

*આવા સંજોગોમાં આ રકમમાં આપણે રૂ. ૧૩૦૦/-માંથી રૂ. ૨૦૦૦/- તા. ૧-૮-૨૦૨૨થી પ્રત્યેક માસે આપવાની શરૂઆત કરી હતી. અંદાજિત ૫૫ બહેનોને દર મહિને રૂ. ૧,૧૦,૦૦૦/-ની રકમ વિશિષ્ટ સહાય પેટે ચૂકવાતી હતી. આમ વાર્ષિક રૂ. ૧૩,૨૦,૦૦૦/- પ્રત્યેક વર્ષે ચૂકવાતા હતા.*

*આ જે કંઈ વધારો છે તે જે-તે વર્ષોના હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ તથા જ્ઞાતિ સમાજના ઉદાર હાથે દાન આપનાર દાતાશ્રીઓ (ભામાશાશ્રીઓ)ને આભારી છે.*

૧૬મું રાષ્ટ્રીય અધિવેશન જબલપુર મુકામે ૨૦૦૨માં યોજાએલ ત્યારબાદ ૨૦૦૪માં હું પ્રમુખ થયો ત્યારબાદ વર્ષ ૨૦૦૫માં ૧૭મું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન ક્ષીરજામ્બા મુકામે યોજવાનું નક્કી થયેલ તે વખતે હૃદયના એક ખૂણામાં એવી ચિંતા હતી કે અધિવેશન કરવાથી

કદાચ ખર્ચ કરતાં આવક ઓછી થશે તો ઘરના રૂપિયા જોડવાના આવશે. પરંતુ ક્ષીરજામ્બા માતાજીની અસીમ કૃપા તથા આશીર્વાદથી રૂ. ૧,૭૩,૦૦૦/– જેવી માતબર રકમ ખર્ચ કરતા આવકનો વધારો થયો આવા સંજોગોમાં પ્રમુખને હોદ્દેદારો તથા કારોબારીના સભ્યોનો સહકાર મળતો રહ્યો. "મોર જેમ પીંછાથી રળિયામણો" હોય તે મારા સાથી કાર્યકરોએ આ યોજનાર ૩૬માં અધિવેશનમાં પણ મન–કર્મ–વચનથી આર્થિક–માનસિક–શારિરીક રીતે મને સતત મદદ કરતા રહ્યા છે. (મને એટલે જ્ઞાતિ સમાજને એમ સમજવું) જેના કારણે આપણે વિશિષ્ટ સહાયમાં ઉત્તરોત્તર વધારો કરી રહ્યા છીએ.

આ તબક્કે સમગ્ર સમાજને મારે જણાવવાનું કે ટ્રસ્ટીશ્રીઓ, પ્રમુખશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ વર્ષોપર્યંત ગામેગામ યોજાતી મિટીંગોમાં, મેળાવડામાં સ્વખર્ચે જાય છે અને અધિવેશનમાં દરેક ગામના મંડળો દ્વારા વધુમાં વધુ સભ્યો હાજર રહે એવા પ્રયત્નોના ભાગરૂપે અધિવેશનના પાસનું વિતરણ પણ કરે છે. જેના કારણે તેઓના અથાગ પ્રયત્નોથી અવિરત સફળતાઓ મળતી રહી છે અને ભવિષ્યમાં પણ મળશે તેમાં શંકાને સ્થાન નથી.

૩૭માં રાષ્ટ્રીય અધિવેશનની જાહેરાત પહેલા જ માતાજીના આશીર્વાદથી અલગ–અલગ સૌજન્યો તથા દાતાશ્રીઓ મળી અંદાજિત રૂ. ૫,૦૦,૦૦૦/– લાખની જાહેરાતો થયેલ છે અને આજના દિવસમાં હાજર રહેલા સભ્યો તરફથી વધુ સહકાર મળશે તેવી અપેક્ષા રાખુ છું.

અંતમાં ૩૬માં રાષ્ટ્રીય અધિવેશનને સફળ બનાવવા બદલ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી પ્રમુખશ્રીઓ તથા હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, વલ્લભ વિદ્યાનગરના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા સમગ્ર ભારત ભરના ગામેગામના મંડળના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા અધિવેશનને સફળ બનાવવા માટે ઉદ્‌ઘાટકશ્રી, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથિ વિશેષશ્રીઓ, દાતાશ્રીઓ, શુભેચ્છકશ્રીઓ, ટૂંકમાં આ અધિવેશનમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મદદરૂપ થનાર સૌનો આ તબક્કે હું આભાર માનું છું અને અહેસાનની લાગણી વ્યક્ત કરું છું.

આ તબક્કે એક એવી વ્યક્તિને આપણે યાદ કરવી પડે કે જેઓએ હું પ્રમુખ થયો (૨૦૦૪)થી મને આ પ્રવૃતિમાં ખૂબ જ મોટું બળ પૂરૂં પાડનાર દિવ્યાંગ અરવિંદભાઈ દવે તથા ફાલ્ગુનીબેન દિવ્યાંગભાઈ દવે તથા સ્વ. અરવિંદભાઈ એસ. દવે તથા સ્વ. ઈન્દિરાબેન એ. દવે દ્વારા મને દરે વર્ષે રૂ. ૧,૦૦,૦૦૦/–ની રકમ તેઓના સ્વજનશ્રી હેમંતભાઈ શેલત–ગાંધીનગર દ્વારા વગર માંગે દર વર્ષે અવિરતપણે મળતી રહી છે. પ્રસંગોપાત આ રકમમાં વધારો પણ થયેલ છે. અત્યાર સુધીના હિતવર્ધક સભાના દાતાશ્રીઓમાં એક જ વ્યક્તિ તરફથી મળેલ અંદાજિત રકમ રૂ. ૨૪ લાખ જે અવિસ્મરણીય છે આ તબક્કે તેઓશ્રીઓનો પણ સંસ્થા આભાર માને છે. પૈસા હોવા અને પૈસા સારા માર્ગે વાપરવા એનું આ એક જ્ઞાતિ

સમાજ માટેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. સંસ્થા ક્યારેય આ રકમ માગવા ગઈ નથી દર વર્ષે આ રકમ અધિવેશન બંધ હોવા છતાં (કોરોનાને કારણે) ડિસેમ્બર આખરમાં મોકલી આપે છે.

આ અધિવેશનની આવક અંદાજિત ૧૦,૨૫,૦૦૦/–માંથી અંદાજિત ખર્ચ રૂ. ૫,૨૫,૦૦૦/–બાદ કરતા વધતી રકમ અંદાજિત રૂ. ૫,૦૦,૦૦૦/– જેવી માતબર રકમ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં જમા થશે. આ રકમ વધવાનો આવકાશ છે. ચાલુ સાલે ૮૭૦ ડેલીગેટ્સના પાસનું વિતરણ થયું છે જેની રૂ. ૮૭૦૦૦/– આવક છે અને અધ્યક્ષ, ઉદ્‌ઘાટક, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથિ વિશેષશ્રીઓ, દાતાશ્રીઓને આપેલ પાસની સંખ્યા ૧૫૦ છે આમ કુલ મળી ૧૦૨૦ વ્યક્તિઓ અંબાજીમાં હાજર રહેશે. જે તમામે તમામ પાસના નાણાં ચૂકવીને પાસ ખરીદેલ છે અને હાજર રહેવાના છે. કુલ ૧૧ બસ સમગ્ર ગુજરાતમાંથી અંબાજી મુકામે પહોંચશે.

ચાલુ સાલે ગામે ગામમાં વ્યક્તિઓ તથા મંડળો દ્વારા અંબાજી પહોંચવા માટેનું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવેલ છે અમદાવાદ સ્થિત શૈલેષભાઈ જોષી દ્વારા ૧૨૦ જ્ઞાતિજનો, અમદાવાદ સ્થિત ભોપીબેન ભટ્ટ દ્વારા ૧૨૦ જ્ઞાતિજનોને, નડિયાદ મુકામે પ્રણવકુમાર જોષી દ્વારા ૧૨૦ જ્ઞાતિજનોને, વિદ્યાનગર બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી દ્વારા ૧૨૦ જ્ઞાતિજનોને, બાજખેડાવાળ મંડળ, આણંદ દ્વારા ૬૦ જ્ઞાતિજનોને, વસોના અશ્વિનભાઈ દવે તથા રાજેન્દ્રભાઈ દવે દ્વારા ૬૦ જ્ઞાતિજનોને અંબાજી, ક્ષીરજામ્બા તથા ગબ્બર દર્શન કરવવા માટે પ્રોત્સાહિત કરાવામાં આવ્યા અને આ અંગે જરૂરી આર્થિક ખર્ચની જવાબદારીઓ પણ સ્વીકારવામાં આવી 'ન ભૂતો ના ભવિષ્યતિ' જેવું માં અંબાના ચરણોમાં આ અધિવેશન યોજાઈ રહ્યું છે ત્યારે શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ અંતઃકરણપૂર્વક અહેસાન અને આભારની લાગણી અનુભવે છે. આ તબક્કે અધિવેશન અધ્યક્ષશ્રી, ઉદ્‌ઘાટકશ્રી, દાતાશ્રીઓ, અતિથિ વિશેષશ્રીઓ તથા નામી અનામી સૌનો આ અધિવેશનને સફળ બનાવવા માટે આભાર માને છે અને આવો જ સહકાર ભવિષ્યમાં મળી રહેશે તેવી અપેક્ષા રાખે છે.

આગામી ૩૭મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૨૭–૧૨–૨૦૨૬ને રવિવારના રોજ યોજાશે, આગામી ૩૭માં રાષ્ટ્રીય અધિવેશનનું સ્થળ અને સમય પત્રિકા તથા અન્ય માધ્યમોથી આપને જણાવવામાં આવશે. જેની નોંધ લઈ અનુકૂળતા મુજબ અધિવેશનમાં હાજરી આપવાનું ગોઠવશો.

શ્રી કિરીટકુમાર મંગુપ્રસાદ દવેએ બાજખેડાવાળ મંડળ આણંદમાં ૧૯૮૪થી ૨૦૧૯ સુધી મંત્રી તરીકે સેવાઓ આપી છે. ૨૦૧૯ થી આજદીન સુધી પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી ખાતે ૨૦૦૭ થી ૨૦૨૨ સુધી મંત્રી તરીકે સેવાઓ આપી છે. ૨૦૨૨ થી આજ દિન સુધી પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં કારોબારી સભ્યથી શરૂ કરી અનેક વિવિધ હોદ્દાઓ બાદ ૨૦૦૪ થી ૨૦૦૭ પ્રમુખ તરીકે તથા ૨૦૨૨ થી આજ દીન સુધી પ્રમુખ તરીકે સેવાઓ આપી છે.

અધિવેશન શરૂ કરવામાં અને આજ દિન સુધીના અધિવેશનોને સફળ બનાવવામાં

સિંહફાળો રહ્યો છે. મારા કાર્યકાળ દરમ્યાન હિસાબો નિયમિત લખાવવા, સમય સર ઓડિટ કરવવા, હિસાબો પ્રકાશિત કરવા, કારોબારીની સભા બોલાવવા, વાર્ષિક સાધારણ સભા બોલાવવા, ચેરીટી કમિશ્નરમાં ફેરફાર રિપોર્ટો ભરવા, મંજૂર કરાવવા તથા ચેરીટીનો ફાળો ભરવા ટૂંકમાં સમગ્ર ભારતની કોઈપણ ખેડાવાળ સંસ્થા આટલું કામ સમયસર કરતી નહીં હોય એટલી કાળજી લેવામાં આવે છે. આ અગત્યની વસ્તુઓ મારી પ્રાથમિક્તા રહેલ છે. દરેક સંસ્થાના ખર્ચાઓ ૯૫% એકાઉન્ટ પેઈથી પેમેન્ટો થતા હોય છે. મારા કાર્યકાળ દરમ્યાન ખર્ચાઓને બાદ કરતા ક્યારેય સંસ્થા ખોટમાં ગઈ નથી. બધી સંસ્થાઓએ ઉત્તરોત્તર પ્રગતિ કરી છે અને હું હોઈશ કે નહીં હોઉં તો પણ સંસ્થા ચાલુ રહેવાની છે અને પ્રગતિ કરતી રહેશે તેમાં શંકાને સ્થાન નથી.

## ખૂબ જ અગત્યની માહિતી

આ માહિતી મારા વિરૂદ્ધ આખા સમાજમાં એક માત્ર વિઘ્નસંતોષી માણસ દ્વારા પત્રના માધ્યમથી દુપ્રચાર કરતા હોવાથી ખુલાસો કરવાની ફરજ પડી છે અને તેમાં લખાયેલ ખૂબ ગંદા શબ્દો જે બાજખેડાવાળ સમાજ માટે દુસ્પ્રચાર સમાન છે કારણ કે છેલ્લા ઘણાં વર્ષોથી સમાજમાં જ્યાં જ્યાં જે જે સ્થળે સમાજની વાડી / હોલ / વહીવટી ઓફિસ સમાજ દ્વારા બનાવવામાં આવેલ છે તેવા ઘણી બધી સંસ્થાઓના વહીવટકર્તા તરીકે ઘણાં વર્ષોથી પ્રમુખ/ સેક્રેટરી કાર્યરત છે અને તેઓ સમાજ / સંસ્થા માટે જીવ દઈને વર્ષોથી કાર્ય કરતા આવેલા છે જેમાં મુખ્યત્વે (૧) શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદ (૨) શ્રી બાજખેડાવાળ સમાજ, નડિયાદ (૩) શ્રી બાજખેડાવાળ સમાજ, વડોદરા (૪) શ્રી બાજખેડાવાળ સમાજ, સુરત (૫) શ્રી બાજખેડાવાળ સમાજ, ભરૂચ (૬) શ્રી બાજખેડાવાળ સમાજ, વસો (૭) શ્રી બાજખેડાવાળ સમાજ, મહેમદાવાદ (૮) શ્રી બાજખેડાવાળ સમાજ, સોજીત્રા (૯) શ્રી બાજખેડાવાળ સમાજ, ઉમરેઠ (૧૦) શ્રી બાજખેડાવાળ સમાજ, ડાકોર (૧૧) શ્રી બાજખેડાવાળ સમાજ ગાંધીનગર (૧૨) શ્રી બાજખેડાવાળ સમાજ, મહુધા અને આ ઉપરાંત બાજખેડાવાળ સમાજની ઓફિસો નથી તેવી જગ્યાએ પણ ઘણા વર્ષોથી સમાજના વરિષ્ઠ નાગરિકો અને સમાજનું હિત ઈચ્છનારા ઘણાં ભામાશાઓ, દાતાઓ કાર્યરત છે અને આ સમયે તેમનો પણ ખૂબ જ આભાર માનવો રહ્યો કારણે આવી વ્યક્તિઓના કારણોસર સમાજ ટકી રહ્યો છે કારણ કે સામાજિક રીતે બાજખેડાવાળ જ્ઞાતિ દિવસે ને દિવસે પ્રગતિ કરતી રહી છે. પરંતુ સમાજના નાગરિક તરીકે સમાજ પ્રત્યે તેઓની લાગણી ચોક્કસ પણે ઓછી થઈ રહી છે કારણ કે આવી એક વ્યક્તિના કારણે જ્યાં જાય ત્યાં માત્રને માત્ર નકારાત્મક લેખનથી સમાજના નાગરિકોને સારૂં કાર્ય કરવાં પ્રેરણા આપવાની જગ્યાએ સમાજ સેવાથી દૂર કરતા જાય છે અને જો સમાજની આટલી બધી લાગણી હોય તો હોદ્દો ઉપર ન રહેવા છતાં પણ તેઓ સમાજ માટે દાનની રકમ ઉઘરાવી લાવી સમાજમાં જમા કરાવી સમાજને મદદરૂપ થઈ શકે તેમ છે તેમ છતાં આવી વ્યક્તિના કારણે આવા ગંદા શાબ્દિક પત્રોના કારણે યુથ સમાજ સાથે જોડાવાની જગ્યાએ દૂર થતું જાય છે કારણ કે સમાજની સેવાના ઉદ્દેશ્યની સામે વળતર સ્વરૂપે આટલી

ગંદી ભાષામાં જો વળતર મળતું હોય તો કોઈપણ સમાજની સારી વ્યક્તિ આવા એક માત્ર વિઘ્નસંતોષી માણસના પત્રોના કારણે સમાજને પ્રત્યેની ભાવના ખૂબ જ હણાય છે અને આવી વ્યક્તિને નિયંત્રિત કરવાની જવાબદારી સમાજના આગેવાનો/વરિષ્ઠ નાગરિકોની બને છે અન્યથા એક સમય એવા આવશે કે જ્યારે સમાજનું નામ રહેશે પરંતુ નહીં આગેવાનો રહે, નહીં વરિષ્ઠ નાગરિકો રહે કે આવી વિઘ્નસંતોષી વ્યક્તિ રહે અને સમાજ માટે યોગ્ય દિશામાં કામ થઈ શકશે નહીં તેવી મારી લાગણી છે.

મારી સમાજના તમામ વ્યક્તિઓને વિનંતી છે ગમે ત્યારે અગાઉથી ફોન કરીને સંસ્થાની કાર્યાલયે આવીને કોઈપણ પ્રકારની પ્રશ્નોત્તરી હોય તો તેઓ તેનું નિરાકરણ મેળવી શકે છે કારણ કે આવી વ્યક્તિ ચોક્કસપણે આ લેખ વાંચ્યા પછી વધુને વધુ દુસ્પ્રચાર કરશે જ તેવું મારું માનવું છે અને જો આવી વિઘ્નસંતોષી વ્યક્તિ બાજખેડાવાળ સમાજની હોત તો ચોક્કસ પણે બાજખેડાવાળનું નાક ઉંચું રાખવાનું કામ કરતા પરંતુ આવી નામ–ઠામ વગરના પત્ર લખીને તેઓ સમાજના ભૂતપૂર્વ હોદ્દેદારો, સમાજના ખૂબ જ મોટો વગદાર વ્યક્તિઓ, સમાજના ખૂબ જ મોટા હોદ્દાઓ ઉપર સરકારમાં રહેલી વ્યક્તિઓ તથા સરકાર સાથે સંકળાયેલ બાજખેડાવાળ જે વિચારધારા અથવા તો ખંત, સામે ચાલીને સત્યની રજુઆત કરવાની ટેવ અને સાચું બોલવાનું આદત એ બાજખેડાવાળની ઓળખ છતી કરે છે પરંતુ આવી વિઘ્નસંતોષી વ્યક્તિ શા કારણે નામ–ઠામ વગર સંતાઈને પત્રો લખે છે તે સમજાતું નથી અન્યથા મારૂં વ્યક્તિગત એવું માનવું છે કે આવી કોઈ વ્યક્તિ **"બાજખેડાવાળ"** હોઈ જ ન શકે, કારણ કે આવી વ્યક્તિ સમાજના આટલા બધા મોભીઓ જે અગાઉ વિગત જણાવી તે પ્રમાણેના વ્યક્તિ મળીને તેમની તકલીફ જણાવતી નથી પરંતુ આવા નનામા પત્ર લખીને પોતાની વ્યક્તિગત માનસિકતા સમાજ આગળ છતી કરે છે અને જો એટલો જ મોટો વ્યક્તિ બાજખેડાવાળનો ભૂતપૂર્વ હોદ્દેદાર હોવાનું માનતો હોય તો બાજખેડાવાળને છાજે તે રીતે સ્વયંમ હાજર રહી સમાજની સામે રજુઆત કરે તો ચોક્કસપણે એમના પેટનો દુ:ખાવો ઓછો થઈ શકે તેમ છે અન્યથા વર્ષોવર્ષ જ્યારે જ્યારે અધિવેશન આવેશે ત્યારે ત્યારે આવા પ્રકારનો પેટનો દુ:ખાવો રહેશે અને તેની સમાજ પાસે કોઈ દવા નથી.

**આ સાથે આવી વિઘ્નસંતોષી વ્યક્તિ દ્વારા લખાયેલ નનામા પત્રની સ્કેન કોપી નીચે જોડેલ છે.** જે આપ તમામ જ્ઞાતિજનોને ધ્યાને લેવા અને આવી કહેવાતી પૂર્વ હોદ્દે ધરાવતી વ્યક્તિની ભાષા અને પીઠ પાછળ ખૂબ ગંદા શબ્દો બોલી અપમાનીત કરવાની ભાવના છતી થાય છે અને જ્ઞાતિ સમાજમાં ખોટી વાતો ફેલાવીને જે દાતાશ્રીઓ હતા તેમને પણ સમાજમાં ગેરવહીવટ થાય છે તેમ જણાવીને ડોનેશન / વિધવા સહાયમાં આવતી રકમને રોકવાના ખૂબ હિન પ્રયાસ કરેલ છે અને પછી પત્રો લખીને મોઢામોઢ સમાજમાં ડોનેશન ઓછું આવ્યા અંગેની વાતો કરે છે. પરંતુ મારી આપ તમામ જ્ઞાતિજનોને નમ્ર વિનંતી છે કે અમોને હોદ્દા ઉપર આવ્યા બાદ વર્ષો વર્ષ અમોએ દાનની રકમમાં ખૂબ વધારો જ કર્યો છે અને આ રકમ વિઘ્નસંતોષીના ધ્યાનમાં આવતા અને અંદાજિત રૂ. ૩,૧૫,૦૩,૭૧૯/–

(અંકે રૂપિયા ત્રણ કરોડ પંદર લાખ) તા. ૧૭-૧૨-૨૫ના મુજબ મ્યુચ્યલ ફંડમાં જમા છે તથા અમોના આવ્યા બાદ વિધવા સહાય તરીકે રૂ. ૩૦૦/- થી વધારીને તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજથી રૂ. ૩૦૦૦/- સુધી કરવાનું આયોજન છે અને જે સમાજની વિધવા-ત્યક્તા બહેનોના નામ લિસ્ટમાંથી કમી થયેલા છે તેઓ ક્યાં તો સ્વર્ગસ્થ થયેલ છે, ક્યાં તો યોગ્યતા / પાત્રતાના ધારા ધોરણ સર નામ કમી કરેલ છે.

આ ઉપરાંત આ પત્રમાં જે પરિભાષા વાપરેલ છે તેમાં એક શબ્દનો ખુલાસો કરવા ખૂબ જરૂરી છે અને તે સમાજના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ એકબીજાની હા માં હા કરીને કાર્ય કરે છે તેઓ ગંદી ભાષાથી ઉપયોગ કરેલો છે પરંતુ આવા વિઘ્નસંતોષી વ્યક્તિને કદાચ ખબર નહીં હોય કે જો ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ સમાજના ભલા માટે એકમત થઈને કામ ન કરી શકે તો આવી વિઘ્નસંતોષી જેવી વ્યકતિઓ ઢગલાબંધ ઉભી થાય તેમ છે કારણ કે તેમની સમજણને અને સમાજના કાર્યને આ પત્ર પરથી જાણી શકાય છે કે દૂર દૂર સુધી કોઈ જ લેવા દેવા નથી અને દિશાવિહીન અને અબૂધ રીત મનમાં જેવા ગંદા શબ્દો આવ્યા તેવા પત્રમાં છાપી દીધેલા છે તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. વધુ ખુલાસો અંગે કરવો આખા બાજખેડાવાળ સમાજ માટે હાનીકારક છે.

આ ઉપરાંત પત્રમાં વિશેષતમ બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી તથા બાજખેડાવાળ મંડળ, આણંદમાં અપાતી ગિફ્ટ બાબતે ઉલ્લેખ કરેલ છે તે અંગે સમાજના તમામ નાગરિકોને વિનંતી સહ જણાવવાનું કે આટલા બધા બાજખેડાવાળ સમાજની સંસ્થા / ઓફિસો અગાઉ દર્શાવેલ રીતે અલગ અલગ રીતે કાર્યરત છે તેમાં પણ આવક-જાવકનો હિસાબ જે-તે સંસ્થાઓ રાખે જ છે અને તે તમામને ચોક્કસ પણે જ્ઞાન છે કે સમાજની જે કોઈ આવક થાય તે સમાજ માટે ઉપયોગી નિવડવી જોઈએ અન્યથા ભારત સરકારના ઈન્કમટેક્ષ વિભાગ તથા અન્ય વિભાગો જો સમાજની આવક ટેક્સ તરીકે મેળવી લેશે તો સમાજ પાસે યોગ્ય દિશામાં મૂડીનું ઉપાર્જન થઈ શકે તેમ નથી અને કોઈ જ સમાજ ઉપયોગી કાર્ય થઈ શકે નહીં અને આટલી બધી સંસ્થાઓમાંથી માત્ર ને માત્ર બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, બાજખેડાવાળ મંડળ, આણંદ તથા બાજખેડાવાળ સમાજ, નડિયાદ દ્વારા આવી ગિફ્ટ પ્રથા વર્ષોથી ચાલી આવેલ છે કારણ કે સમાજમાં થતી આવક સમાજના જે-તે સંસ્થાના આજીવન સભ્યોને જીવન ઉપયોગી વસ્તુઓ આપી મદદરૂપ થવાના પ્રયત્નો કરવામાં આવે છે અને જો વિઘ્નસંતોષી વ્યક્તિ ખરેખર બાજખેડાવાળ હશે તો તેઓએ પણ અપાયેલ ગીફ્ટનો ભૂતકાળમાં ચોક્કસપણે લાભ લીધેલ જ હશે તેવી મને ખાત્રી છે. આવી રકમ સરકારમાં ટેક્ષ તરીકે જાય તેમ હોય તે યથા યોગ્ય નથી અને જો આ પત્રવાળી વિઘ્નસંતોષી વ્યક્તિને આ ગીફ્ટ અંગેના હિસાબોમાં કોઈ ત્રૂટી જણાય તો વર્ષોવર્ષ આવી સંસ્થાના ઓડિટ રિપોર્ટો કે જે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જેવી ખૂબ જ જ્ઞાની વ્યક્તિ દ્વારા ઓડિટ કરવામાં આવે છે અને આ તમામ હિસાબો સરકારના ચેરીટી કમિશ્નર રૂબરૂ રજુ કરવામાં આવે છે આ તમામ પબ્લીક ડોક્યુમેન્ટ છે અને તેઓ મેળવી તેમાં રહેલી ત્રૂટી અંગે ચોક્કસપણે સમાજમાં ખુલ્લે આમ ચર્ચા કરી શકે છે તો તેની નીરાકરણ તેમને મળી શકે તેમ છે.

વર્ષ ૨૦૦૭માં બનેલ નવનિર્મિત છાત્રાલયના બાંધકામથી આજ દિન સુધીમાં અત્યારની બજાર કિંમત પ્રમાણે અંદાજિત ૨.૫ કરોડ રૂપિયાની મિલકત ઊભી કરી છે તેનો પરિશ્રમ કોને પડ્યો છે તે સમાજ જાણે છે અને સમાજની આવક ઊભી કરવા અને ભંડોળ વધારવા સારૂં પ્રયત્ન કરવો તે કોઈ જ રીતે ખોટી કાર્યરીતી નથી તેવું અમો માનીએ છીએ.

વધુમાં જ્ઞાતિ સમાજમાં જે પણ કોઈ સમાજને જોડવા અને સંગઠિત કરવાના પ્રયત્નોના ભાગરૂપે કોઈ પ્રસંગો અથવા તો સમાજના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જ્ઞાતિ સમાજ સિવાયની વ્યક્તિઓ અંગે વિઘ્નસંતોષી વ્યક્તિ દ્વારા તેમના પત્રમાં જે પ્રકારે લખાણ કરેલ છે તે બાજખેડાવાળ સમાજની વિચારધારા વિરૂધ્ધનું અને નિમ્ન કક્ષાનું લખાણ છે કારણ કે ભારત દેશ એ વિવિધ જ્ઞાતિસમાજથી વણાયેલો છે અને તેમાં પણ આપણી જ્ઞાતિ બૌદ્ધિક રીતે ખૂબ જ સારી ક્ષમતા ધરાવે છે તેવા સમેય આવા શબ્દો આ પત્રમાં યથાયોગ્ય નથી.

આ ઉપરાંત આ વર્ષે જ્ઞાતિ સમાજના લોકો એક સંપ થઈ એક આપણે જે બ્રાહ્મણના ખોળીયામાં જન્મ મળેલ છે અને આપણા સમાજનું ઉત્થાન થાય તેવા શુભ આશયથી તમામ જ્ઞાતિજનોની ભાવીપેઢી આ જોઈ સનાતન સંસ્કારોથી પ્રેરિત થાય તેવા શુભ આશયથી ધાર્મિક સ્થળોએ વર્ષોવર્ષ યજ્ઞોનું આયોજન કરાયેલ છે અને આ વખતે પણ આવા જ એક શુભ આશયથી ત્રણ દિવસીય શતચંડી યજ્ઞનું આયોજન કરેલ છે અને તેમા આવા ભગીરથ કાર્યમાં પણ આવી વિઘ્નસંતોષી વ્યક્તિને **"તરકટ"** લાગી રહ્યું છે અને તેના ઉપરથી આ વ્યક્તિ કેટલી નિમ્ન કક્ષાની વિચારધારા ધરાવે છે તે પણ ધ્યાને લેવું જોઈએ. આ ઉપરાંત એક પણ રૂપિયાનો ખર્ચ જ્ઞાતિ સમાજ અને તેના હિસાબમાં નાખેલ નથી અને તેમ છતાં આવી વિઘ્નસંતોષી વ્યક્તિ દ્વારા ધાર્મિક કાર્યમાં દુસ્પ્રચાર કરી રહ્યા છે જેમાં લોકોએ યજ્ઞમાં યજમાન તરીકે નક્કી થયેલ રકમ ચૂકવેલ છે જે તેઓએ લખેલા પત્ર ઉપરથી આપને માહિતી મળી રહેશે અને **વધુમાં આપને જણાવવાનું કે શતચંડી યજ્ઞમાં આવેલી તમામ રકમમાંથી ખર્ચ બાદ કરી જે કોઈ રકમ વધશે તે તમામ રકમ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં આપવાનું આ યજ્ઞની પ્રેરણા થઈ ત્યારથી નક્કી કરેલ છે જે આપ સૌની જાણ માટે.**

વધુમાં બાજખેડાવાળ સમાજમાં છપાતી પત્રિકા સંદર્ભે આ વિઘ્નસંતોષી વ્યક્તિ દ્વારા જણાવવામાં આવેલ છે તે ખૂબ જ હિન ભાવના દર્શાવે છે કારણ કે જ્યારે પત્રિકા છપાતી હતી ત્યારે ઘણા બધી સમસ્યાઓ પત્રિકા ના મળવી, પત્રિકા મોડી મળવી આવાં સંજોગોમાં સંસ્થાને આર્થિક ભારણ વધતું હતું આવા સંજોગોમાં વ્હોટસએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામના માધ્યમથી અને ગામાગામના આ માધ્યમો દ્વારા અંદાજિત ૨૨૦૦૦ જ્ઞાતિજનો અત્યારે ઓનલાઈન પત્રિકા વાંચે છે સાથે સાથે અગાઉ આર્થિક મર્યાદાઓને કારણે સમાજ ઉપયોગી લેખો જાણકારીઓ આપણે છાપી શકતા ન હતા. નવા અભિગમમાં સમાજને ઉપયોગી માહિતી સભર લેખો છાપીને સમાજમાં મદદરૂપ થવાના પ્રયત્નો થઈ રહ્યા છે અને ભૂતકાળમાં જ્યારે પત્રિકા છપાતી હતી ત્યારે માત્ર ૧૮૦૦ વ્યક્તિ સુધી પત્રિકાઓ પહોંચતી હતી તેઓ સોશિયલ મિડીયાના માધ્યમથી

વ્યાપ વધારી શકેલ છે અને તેના કારણોસર આજે સમાજના છેવાડાના વ્યક્તિ સુધી સમાજની પ્રવૃત્તિઓની વિગતો દેશ-વિદેશમાં પહોંચી રહેલ છે. તે સિવાય અત્યાર સુધીમાં જ્ઞાતિ સમાજની વેબસાઈટ પર ૩૦૮૫૦૦ વ્યક્તિઓએ વેબસાઈટની વિઝિટ કરેલ છે.

વધુમાં પત્રમાં "પોતાના પરિવારનું સંમેલન થતું હોય સમાજના ખર્ચે કરવાનું બંધ કરો" તેવું જણાવીને સંબોધન કરેલ છે. ખરી હકીકતે સમાજના તમામ વ્યક્તિઓને વિનંતી સહ જણાવવાનું કે આ સમાજ એ મારો પરિવાર છે અને સમાજમાં થયેલો મેળાવડો એ ગામે ગામથી અને શહેરે શહેરથી હાજર રહેલી વ્યક્તિઓ કે જેણે ક્યારેય દાદાગીરીથી બોલાવવામાં આવેલી નથી તેઓએ સ્વેચ્છાએ સમાજના નાગરિક તરીકે પોતાની ફરજ સમજીને એકબીજાને ઓળખી શકે, સમાજની પ્રવૃતિ સમજી શકે અને એકબીજાને વ્યક્તિ હળીમળીને સારી વાતોની આપ-લે કરી શકે અને સમાજ એક થાય તેવા શુભ આશયથી કરવામાં આવે છે અને સાથે સાથે સમાજની જે વ્યક્તિઓ દાતાશ્રીઓ છે અને સંસ્થાને આર્થિક મદદ કરેલ છે તેવી જ વ્યક્તિઓને સમાજના મંચ ઉપર સ્થાન અપાયેલ છે અને તે તમામ હકીકત ૨૦૦૪ થી રેકોર્ડ ઉપર છે જ.

સાથે સાથે જ્ઞાતિ સમાજની બધી જ સંસ્થાઓમાં નાની ઉંમરના યુવાના જ્ઞાતિજનોને લેવા માટેના પ્રયત્નો અવિરત કરતા રહ્યા છીએ પરંતુ આવી વિઘ્નસંતોષી કહેવાતી સમાજની વ્યક્તિ/ પૂર્વ હોદ્દેદાર આવા નનામા પત્રો લખીને નવી પેઢીને કાર્ય કરતા અટકાવી તેમની ગંદી ભાષાથી નિમ્ન કક્ષાએ લઈ જવાનો પ્રયત્ન કરેલો છે અને તે કારણો સર યુવાનો / સમાજના જ્ઞાની વ્યક્તિઓ અથવા તો સારા હોદ્દા પર રહેલી વ્યક્તિઓ સમાજના કાર્યમાં જોડાતા ૧૦૦ વાર વિચાર કરશે અને સારૂ કામ કર્યા પછી પણ જો આવી વિઘ્નસંતોષી વ્યક્તિના આવા ગંદા લેખન સંબંધે કોઈ કાર્યવાહી સમાજના મોભીઓ દ્વારા કરવામાં નહી આવે તો ભવિષ્યમાં કોઈ યુવા કાર્ય કરવા તૈયાર થશે નહીં અને તેનો શ્રેય આવી વિઘ્નસંતોષી વ્યક્તિના સીરે જશે તે ચોક્કસ છે.

અગાઉના વર્ષોમાં પત્રિકામાં મારૂ નમ્ર નિવેદન હતું કે યુવાનો આગળ આવે અને કારોબારીમાં જોડાય અને સમાજ સેવા કરે પરંતુ આવી વિઘ્નસંતોષી વ્યક્તિના કારણે સમાજના સારા વ્યક્તિઓ આગળ આવતા નથી અને સારૂ કાર્ય કરવા છતાં પણ જો આવા પત્રોનો સામનો કરવાનો થાય તે કોઈ વ્યક્તિ ક્યારેય સારી કામગીરી કરી શકશે નહીં અને જેથી સમાજમાં તમામ જ્ઞાતિજનોને ફરીવાર વિનંતી કરૂ છું કે આવી વ્યક્તિને ઓળખી તેને વ્યક્તિગત મળીને સમાજના જ મોભીઓ સમજાવે કે સમાજની બદનક્ષી યોગ્ય વાત નથી તો કદાચ સારૂં થઈ શકે અને આ ઉપરોક્ત તમામ હકીકત એક સાથે સોશિયલ મીડિયામાં જોડાયેલ સમાજની ૨૨૦૦૦ વ્યક્તિઓ સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયત્ન તેમના પત્રમાં લખાયેલ મુજબ તેમની લાગણી સંતોષવા સારૂ તેમના પત્ર આ સાથે પાછળના પેજ પર "AS IT IS" પ્રકાશિત કરેલ છે.

ખરેખર આવી વિશિષ્ટ વ્યક્તિ આવા પત્રો મોકલતી હોવાના કારણે અમો ધન્યતા અનુભવીએ છીએ કારણ કે આવડત અને અણઆવડત તે વ્યક્તિના હાજરીથી નક્કી થાય છે પરંતુ અદૃશ્ય વ્યક્તિથી આ બધું થઈ શકે નહીં તે છતાં આ આવી અદૃશ્ય વ્યક્તિ ક્યારેય

સમાજમાં સામે આવશે નહીં અને માત્ર ગંદી ભાષાનો ઉપયોગ કરી નનામા પત્રો ફેરવ્યા કરશે તે હકીકત છે અને જેથી તેઓએ મોકલાવેલ પત્ર આખા સમાજમાં તમામે તમામ માધ્યમોમાં મોકલાવેલ છે. જેથી સમાજને સત્યતાની જાણ થાય.

આવી વિઘ્નસંતોષી વ્યક્તિને વ્યક્તિગત વેર વાળવાની કોઈ ઈચ્છા હોય તો સંસ્થાને અને સમાજને નુકશાન ન થાય તે રીતે વ્યક્તિગત મળી શકે છે. વિશેષમાં આવી વ્યક્તિ અમારી સામે આવી શકતી નથી અને તેઓના માણસોને મોકલી / ફોન કરાવીને અઘટિત વાતો કરી તેના અયોગ્ય જવાબોની આશા રાખીને અમારી સાથે વાર્તાલાપ કરે છે અને તેના ઉત્તરમાં જ તેનો જવાબ આપવાની ફરજ પડે છે જે આપને વિદિત થાય.

આ તબક્કે ફરી હું નમ્ર વિનંતી કરું છું કે જ્ઞાતિ સમાજની કોઈપણ સંસ્થામાં જોડાઈને સેવા આપવી હોય તો આવકાર્ય છે. અમારી પરિસ્થિત એવી છે કે ઘણા સિનીયર સિટીઝનો છુટા થવા તૈયાર છે પરંતુ બંધારણ મુજબ કારોબારીના સભ્યોની પૂર્તતા કરવા માટે કેટલાક લોકોની સેવા ચાલુ છે આવા સંજોગોમાં યુવાનો આવશે તો તે લોકો પણ નિવૃતિ લઈ શકશે.

આ તબક્કે હું આપ સૌનું ધ્યાન દોરું છું કે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા રૂ. ૨,૫૯,૭૬,૦૨૮/– યુ.ટી.આઈ. મ્યુચ્યુલ ફંડમાં મુકેલા વર્ષોથી નિયમિત રીતે સમયસર વિશિષ્ટ સહાય ચુકવાય છે તા. ૧૭–૧૨–૨૫ના રોજ આપણી પાસે રૂ. ૩,૬૩,૧૯,૬૪૯/– છે. એ જ રીતે વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીમાં રૂ. ૮૫,૮૧,૩૫૭/– મુક્યા હતા નિયમિત રીતે વિદ્યાર્થીઓને ફી સહાય ચુકવાયા પછી પણ રૂ. ૧,૨૩,૩૪,૬૪૮/–ની માતબર રકમ તા. ૧૭–૧૨–૨૫ના રોજ જમા છે. આ દર્શાવે છે કે સંસ્થાના સનિષ્ઠ કાર્યકરો દ્વારા સંસ્થા ઉત્તરોતર પ્રગતિ કરી રહી છે તેમાં શંકાને સ્થાન નથી.

બીજું આ તબક્કે જણાવવાનું કે આ મ્યુચ્યુલ ફંડની જે રકમ આજે કહીયે છે તે બેલેન્સ શીટમાં ન હોય કારણ કે મ્યુચ્યુલ ફંડમાં રકમ વધતી અથવા ઘટડી જ રહે છે. તેવા સંજોગોમાં આ રકમ બેલેન્સશીટમાં ન હોય તેવુ બને. દર વર્ષે અધિવેશનમાંથી વધતી આવક મ્યુચ્યુલ ફંડમાં મુકાતી હોય છે જે આપની જાણ સારૂં.

આ તબક્કે હું આપ સર્વેનો ખૂબ જ હૃદયપૂર્વક આભાર માનું છે કારણ કે આપ સર્વેએ ખૂબ જ શાંત ચિતે આ સાથે વિઘ્નસંતોષી વ્યક્તિ દ્વારા લખાયેલ પત્ર તથા અમોના ઉપરોક્ત ખુલાસા વાંચ્યા હશે અને ચોક્કસપણે તેના ખુલાસા આપને મળી ગયેલ હશે તેવું હું આશા રાખું છે અને આટલા વર્ષોમાં પ્રથમ વખત આટલા બધા ખુલાસા મારે કરવા પડ્યા છે તે ધ્યાને લેશો.

– અસ્તુ.

# એક વિઘ્નસંતોષી વ્યક્તિ દ્વારા લખાયેલ નનામો પત્ર

બહાદુર જ્ઞાતિજનો,

હુ મારી ઓળખ હાલ એટલી જ આપિશ કે હુ સમાજ નો સભ્ય છુ. ભુતકાળમા હોદ્દો પણ ધરવતો હતો.. આપણા મંડળ ના કહેવાતા આગેવાન ની રાજ રમત અને તાનાશાહિ ના કારણે હોદ્દો અને મંડળ સેવા છોડિ છે. સમય આવે ત્યારે હુ ફરિ થી સેવામા કાર્યરત થઈશ. મારા જેવા અનેક લોકોએ સમાજ સેવા છોડી નથી આ રંગાએ છોડાઇ છે.

આપણા આણદ મંડળ ની હાલત જોઇ અને દયા આવે છે. બલ્લુભાઇ અને ઘંનશ્યામકાકા, અનિલભાઇ ની નિસ્ક્રિયતા ના કારણે મોટુ નુકશાન થઈ રહેલ છે. સમાજ ના એકચક્રિ શાશન અને અણઆવડત ને કારણે કોઇ વિકાસ નથી થયો. સારા કાર્યકરોની સારિ શિખ હજમ ના થવાને તેમને દુર કરેલ છે. હા મા હા કહેનારા મોની બાબા ના કારણે આવા અનઘડ વહિવટ કરનારને ખોટુ પ્રોત્સાહન મળી રહેલ છે. વાડિ નો સામાન વેચી અને ખંડેર બનાવી દીધી છે. ફેકી દેવા જેવી સસ્તી ગિફ્ટ મોઘા ભાવે લોકોને પધરાવે છે. આજ હાલત અન્ય સંસ્થાઓની પણ કરી છે. હોસ્ટેલ ને સ્કુલ ને ભાડે આપી અને આપણા લોકોને કોઇ લાભ નથી આપવનો ઇરાદો છે. હોસ્ટેલ ની જગ્યા મંડળ માટે છે. તેમ છતાય ભાડે આપી અને રંગા અને ચંગુ રોજ શેનો વહિવટ કરવા રોજ હોસ્ટેલ ની ઓફિસ એ જાય છે ? એવુ તો નથિ ને કે બૈરિ છોકરા કાઢિ મુકે છે એટલે અહિ જઈને બેસિ રહે છે. બાકી હોય તો એકાઉંટ ના સેટિંગ માટે મંગુ હા મા હા કરે જ છે. બીલ્લા વકિલ મા મગજ ના હોય તેમ હાજી હા કરે છે. તેમનુ અંગત શુ હિત છે તે સમજાતુ નથિ. જે દિવસે કૌભાંડો ખુલ્લા પડશે ત્યારે વકિલ તમારા ગામ મા શુ મોઢુ બતાવશો ?

વકિલ પોપટ ની જેમ બહાદુર બની પ્રતિ પત્ર લખી અને ગંદા હાથ ના કરશો. વકિલએ ગામ મા વહિવટ કરેલ છે ખબર નથી કે ગિફ્ટ કેટલિ કિમત ની આવે ? કોઇ વખત મગજ કશો નહિતો તમારા અને પાળેલા જનાવર મા શુ ફરક ? બિજો અમ્દાવાદ નો પોપટ છે તે સમજે તો સારુ બાકિ આ રંગા એ બધા નો ઉપ્યોગ કરી અને પછી ફેકિ દિધા છે .. (અમારી જેમ )

1. પત્રિકાની પ્રત મોક્લવાની બંધ કરી. કહ્યુ કે મોઘી પડે છે.. પહેલા જુઓ કે તે વર્ષનો હિસાબ જુઓ જન્માક્શર ની આવક અને ખર્ચ ને જુઓ સામાન્ય વધારો કે ઘટાડો હશે. તે અધિવેશન (પરિવાર ને સ્ટેજ પર બેસાડિ, વાહ વાહ લેવાનો કાર્યક્રમ) ના બિન જરુરિ તાયફા થી તો ઓછો હતો. તેનાથી વધારે ૪00 માણસ ની સામે ૧000 ના બિલ ચુકવની થાય છે. કોઇ એ પુછ્યુ કે જુના સેવકો કેમ જતા રહ્યા ? ખરેખર જતા રહ્યા નથિ પણ રંગા ની મન માની અને ગાળો બોલ્વાની ગંદી આદતો ને કારણે સારા લોકો જતા રહ્યા. ( તમે વાડી કે હોસ્ટેલ કામ થી જતા હશો તો આવો અનુભવ થયો હસે ) આ અધિવેશન કોના માટે કરે છે. વિધવા બહેનો માટે ને ? કેટલી બહેનો છે. તેનિ કોઇને ખબર છે ? ૫0 પણ નથી. અધિવેશન ના નામે ૮-૧0 લાખ ઉધરાવવા મા આવે છે. ખર્ચો બાદ કરીને માત્ર ૩-૪ લાખ જમા થાય છે. તેના કરતા તોઁ માત્ર તે રકમ સિધી બહેનો ના લાભ માટે વાપરિ હોય તો ભંડોલ વધુ થાય.. અને પરધર્મી જોડે ગિતો ગવડાવી અને બિન જરુરિ રકમ ને વેડફી નાખી છે. નાત વારા ગિતો ગાઇ શકતા ન હતા કે પછી બિજુ કઇ હતુ ?
2. પત્રિકા નુ પોસ્ટ નુ સરકારી લાયસંન્સ હતુ.. તે પણ બંધ થઇ ગયુ. જગતભાઇ અને સંનતભાઇ તમે પણ હા મા હા કરી.. ? મેનેજર ને કામ ના કરવુ પડે એતલે સાચી રીતે મંડળ માટે સલાહ ના આપી.
3. હોસ્ટેલ ચાલતી ન હતી તો રીપેરિંગ ના ખર્ચા કરી અને ખોટા ખર્ચા કરવામા આવેલ છે. બોયસ હોસ્ટેલ પુરિ ભરાતિ ન હતી ને ગર્લ્સ હોસ્ટેલ બનાવી.. હવે ભાડે આપી અને એસિ ઓફિસ મા લિલા લહેર... રંગા ચંગુ અને મંગુ ને છે.
4. સંસ્થા નો મારા સિવાય કોઇ જ સારો વહિવટ કરી શકે તેમ નથિ તેવિ તુમાખી મા રંગાભાઇ છે. પણ રંગાભાઇ કોઇ ને વહિવટ કરવા દે તો ખબર પડે ને કે કોણ સારુ કામ કરે છે. ? આણદ મા ૧ (એ પણ એક અમ્દાવાદ ના પોપટ નો સાઢુ છે) ને છોદિ એક પણ ૪0 વર્ષ થી નિચે નો કારોબારી મા નથી. તાનાશાહિ કરી કોઇને ટકવા દેતા નથી. ભવિશ્ય તૈયાર ના થાય એટલે માત્ર રંગા ને આધીન સમાજ રહે તેવા જ ઇરાદા દેખાય છે. ધનશ્યામ કાકાએ અનેકવાર જાહેર મા યુવાનો ને સોપવા કહેલ. પણ છોડ્વાની કોઇ જ દાનત નથી. રંગાભાઇને ૨00૨ મા લક્સ્મી કેડીટ સોસા ને ડુબાડ્વાનો મોટો અનુભવ છે. પૈસા ના જોરે ઘણુ બધુ ઢંકાઇ ગયુ છે.
5. અધીવેશન મા સારા દાતાઓ એ આવા અનઘડ વહિવટ ને કારણે રૂ. ૧00000 દર સાલ આપવાના બંધ કરેલા છે. કોના પાપે...? અધિવેશન ના નામે પોતાના પરીવાનુ સમ્મેલન સમાજ ના ખર્ચે કરવાનુ બંધ કરો. ગામમા તથા પડોશમા તમારા કુટુમ્બ ને એક રાખિ નથી શકતા તો સમાજ ને શુ એક રાખવાના ? રંગાભાઇ સમાજ સેવા નો દમ્ભ હવે બંધ કરો... તમારા સિવાય બિજા ને કુશળ વહિવટ કરવા દો.
6. આ વખતે નવુ તરકટ કરેલ છે. શતચંડી નો હવન ૩ દિવસ નો છે. લોકોએ પૈસા આપ્યા કોઇએ તેના બદલામા કોઇ વસ્તુ માગિ નથી. તેમ છતાય અણઘડ આવડત ને કારણે વસ્તુ ઓ આપિ અને ખોટા ખર્ચા કરેલ છે. પાછો આ હિસાબ બતાવવાનો નથિ..
7. આ વાત ને દરેક સમાજ ના લોકો સુધી મોકલો આ રંગા ની કરતુત ખબર પડે. આવા તો અનેક કારનામા રંગા એ કરેલ છે. તેમ છતાય કોઇ પણ શરમ વગર રંગા આનદ થિ મંડળ ની મિલ્કત વાપરે છે.

લી.

જાગ્રુત સમાજ સભ્ય અને પુર્વ હોદેદાર

## ॥ બહુજન હિતાય, બહુજન સુખાય ॥

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ઉત્સાહિત મંત્રી તથા ૩૬માં રાષ્ટ્રીય અધિવેશનના ઉદ્દ્‌ઘાટકશ્રી સમીરભાઈ દવેને માતાજીએ પ્રેરણા કરાવી કે તા. ૨૪–૨૫–૨૬–૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ અંબાજી મુકામે શતચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવે તો સોનામાં સુંગધ ભળે  તેમણે ઈચ્છા દર્શાવી કે જ્ઞાતિ સમાજના કોઈપણ બાજખેડાવાળને આ હવનમાં બેસવું હોય તો બેસવા માટેની આપણે વિનંતી કરવી અને આ યજ્ઞનો ખૂટતો તમામ ખર્ચ શ્રી સમીરભાઈ દવે દ્વારા ભોગવવાનું જણાવવામાં આવ્યું. **આ તબક્કે એક વાત ખાસ જણાવવાની કે આ શતચંડી યજ્ઞ અને  શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને કોઈ લેવા દેવા નથી. અને સાથે સાથે બાજખેડાવાળ સિવાયની કોઈપણ વ્યક્તિ આ હવનમાં બેસવાની નથી. આ પ્રયત્ન (શતચંડી યજ્ઞ) વ્યક્તિ વિશેષના ઘરે કરવાનો હોય તો પૂજાનો ખર્ચો માત્ર રૂ. ૧૮૦૦૦૦/– થાય જમવાનો ખર્ચ જુદો થાય અને બધાને પોસાય નહીં તેથી સમીરભાઈના પ્રસ્તાવને મે સ્વીકારી આ શતચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાંથી એક રૂપિયાનો પણ ખર્ચો આ હવન માટે થવાનો નથી જેની નોંધ લેશો.**

મારા સ્વભાવ પ્રમાણે મેં આ અંગેનું આયોજન ત્વરીત નિર્ણય લઈ કર્યું. જેની ફળશ્રુતિ રૂપે તા. ૨૪–૨૫–૨૬–૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ અંબાજી મુકામે પ્રજાપતિ ભવન, અંબાજી રોડ ખાતે આ હવનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧ – મુખ્ય યજમાન તથા ૧૩ – સહયજમાન લેવાનું નક્કી કરવામાં આવ્યું અને જુલાઈ મહિના સુધીમાં કુલ ૧૪ યજમાનોના નામો નોંધાઈ ગયા અને તેઓના પૈસા પણ આવી ગયા.

શતચંડી યજ્ઞમાં બેસનાર દરેક યજમાનને રહેવા માટે ડબલ બેડની એટેચ ટોઈલેટ–બાથરૂમવાળી રૂમો આપવામાં આવશે. સમગ્ર યજ્ઞ દરમ્યાન સવારનો નાસ્તો, બપોરનું ભોજન, બપોરની ચા, રાત્રિ ભોજન તથા દરેક યજમાનને તાંબાના આચમની, તરભાણું, લોટો, પ્યાલાના સેટ નંગ –૨ તેમજ પુરૂષને પિતામ્બર નંગ–૩ અને ઝભ્ભાના કાપડ નંગ–૩ તથા બહેનો માટે સાડી નંગ–૩ આપવામાં આવેલ છે. કયા દિવસે કયા કલરનો ડ્રેસ પરિધાન કરવો તે પણ નક્કી કરવામાં આવશે. સાથે સાથે યજ્ઞમાં બેસનારને સપ્તસતી યંત્ર નંગ–૧, માતાજીની મૂર્તિ તથા ગણપતિની મૂર્તિ અને પૂજા માટેનો નેપકીન પણ આપવામાં આવેલ છે. યજ્ઞમાં બેસવા માટેના આસન, કપલ દીઠ ૨ – નેપકીન આપવામાં આવેલ છે તથા અધિવેશનના ૨–પાસ આપવામાં

આવેલ છે. સાથે સાથે ડબલ બેડની ચાદર નંગ–૧ તથા કમ્ફટર (ઓઢવાની રજાઈ) નંગ–૧ આપવામાં આવેલ છે. **આ બધી વસ્તુઓ સમીરભાઈ દ્વારા બધાને એક સરખી મળે અને સારૂ દેખાય તેવા હિસાબથી આપવાની વિનંતી કરવામાં આવેલ તેમના દ્વારા આ હવન પેટે માતબર રકમ આપવામાં આવેલ છે અને હજુ હવન પુર્ણ થયેથી વધુ નાણાંની જરૂર પડે તો આપવા જણાવેલ છે.**

યજ્ઞની શરૂઆત સવારે ૮.૩૦ થી બપોરે ૧.૦૦ તથા બપોરે ૨.૩૦ થી સાંજને ૬.૦૦ સુધીની રહેશે. સમગ્ર હવનના ગુરૂદેવ તરીકે સ્નેહલભાઈ દવેના આચાર્ય પદે તેમની સાથે અન્ય ૨૦ બ્રાહ્મણો દ્વારા શાસ્રોક્ત તથા વેદોક્ત વિધી પ્રમાણે ખૂબ જ સુંદર યજ્ઞ કરાવવામાં આવશે. યજમાનોને પોતાના સિવાય વધારાની રૂમ જરૂર પડેથી વધારાના રૂ. ૬૦૦૦/– લઈ રહેવાના જમવાની વ્યવસ્થા ૨ વ્યક્તિ માટે પણ કરવામાં આવશે. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ઈતિહાસમાં અગાઉ ખેડબ્રહ્મા તથા આશાપુરી મુકામે નવચંડીનું આયોજન કરવામાં આવતું હતું. પરંતુ માતાજીની પ્રેરણાથી અને યજમાનોના સહકારથી આ શતચંડી યજ્ઞનું નિર્વિઘ્ને પૂર્ણ થશે.

આ તબક્કે સમીરભાઈ દવે (અમદાવાદ)નો આભાર માનીએ એટલો ઓછો છે અને ગામેગામ આવા યજ્ઞના આયોજનો થાય એ આવકાર્ય છે કારણ કે, એક વ્યક્તિ આટલી મોટી રકમનો કદાચ ખર્ચો ભોગવીના શકે તેવું બને.

આ શતચંડી યજ્ઞમાં બેસનાર યજમાનોને વસ્તુરૂપે, ચા–નાસ્તો અને ભોજન, રૂમનો ખર્ચો જેવી અંદાજિત રૂ. ૧૫૮૦૦ની વસ્તુઓ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે પાછી આપવામાં આવેલ છે.

સમગ્ર બાજખેડાવાળ સમાજના ઉત્કર્ષ અર્થે બહુજન હિતાય બહુજન સુખાયની ભાવનાથી આ આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે હવનમાં બેસનાર યજમાનશ્રીઓ તથા હવનમાં હાજર રહેનાર પ્રત્યક્ષ જ્ઞાતિજનોનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

**– કિરીટકુમાર એમ. દવે, સમીરભાઈ દવે**

# અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદનો ઇતિહાસ

## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન - અંબાજી, તા. ૨૮, ડિસેમ્બર, ૨૦૨૫

## *મંત્રીશ્રી સમીરભાઈ એસ. દવેનો અહેવાલ*



*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની સ્થાપનાનો વિચાર તા. ૦૯–૦૨–૧૯૮૬માં શ્રી સ્વામીનારાયણ સંસ્થાના પીઠ ગાદી સ્થાન વડતાલ મુકામે જ્યાં સાક્ષાત લક્ષ્મીનારાયણ દેવ બીરાજમાન છે એવા ધામમાં થયો. ત્યારબાદ જ્ઞાતિ સમાજના વિવિધ લોકો ભેગા થઈ, સભાઓ કરતા આ સભાઓમાં સમાજ સુધારાના ખ્યાલથી શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સભા (એટલે કે જ્ઞાતિજનોનું હિત વધારનાર) નામ રાખવામાં આવેલું.*

*શ્રી અખીલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ જે બાજખેડાવાળ સમાજનું રાષ્ટ્રીય એકમ છે અને તે તેના નામથી કાર્યક્ષેત્રની ખબર પડે. મુખ્ય ત્રણ પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે.*

*(૧) જ્ઞાતિ સમાજની નિરાધાર વ્યક્તિને વિશિષ્ટ સહાય ફંડ દ્વારા દર માસે આર્થિક સહાય અપાય છે.*

*(૨) જ્ઞાતિ સમાજનું મુખપત્રક ‘બાજખેડાવાળ પત્રિકા’ દર માસે પ્રસિદ્ધ કરાય છે.*

*(3) સમાજના વિકાસ માટે રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવામાં આવે છે.*

*(૧) હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડની રકમમાં વધારો કરવો તેનો કાયમી ટ્રસ્ટ ફંડ તરીકે સ્વીકારવો અને વ્યાજની રકમમાંથી જ વિશિષ્ટ સહાયની ચૂકવણી કરાય છે. છેલ્લા ૧૪ વર્ષના ગાળા દરમ્યાન વિવિધ સ્થળોએ અધિવેશન સંપન્ન કર્યા જેમાં જ્ઞાતિજનોના સાથ સહકારથી રકમમાં વધારો થયો છે. પ્રમુખશ્રી કિરીટભાઈ દવેએ સક્રિય કઠોર પરિશ્રમ તેમજ કુશળતા અને બાહોશ નેતૃત્વ પુરૂ પાડી વિશિષ્ટ સહાય ફંડની રકમ ૨૦૦૪માં રૂા. ૩૭,૭૦,૫૨૨/– થી ૩૧–૩–૨૦૨૫ના સુધી વર્ષમાં રૂા.* ***૨,૮૬,૦૦,૦૦૦/–*** *સુધી પહોંચાડી. દર માસે વિશિષ્ટ સહાય રૂા ૩૦ થી શરૂ કરી ૦૧–૦૮–૨૦૨૪થી માસિક રૂા. ૨૫૦૦/– આપણે ૪૧ કુટુંબને આપીએ છીએ. તેમજ નાની ઉંમરની ૬૦ વર્ષથી નીચેની ઉંમર ધરાવતી બહેનોના બાળકોને શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીમાંથી ફી પેટેની સહાય સંસ્થાની આવકની મર્યાદાને ધ્યાનમાં રાખી આપવામાં આવે છે.*

*વિશિષ્ટ સહાય આગળના વર્ષોમાં વધારીને રૂ. ૩૦૦૦/– પ્રતિમાસ આપી શકીએ આ હિતવર્ધક સભાની લાગણી અને સ્વપ્ન સાકાર કરવા આવો આપણે સૌ ભેગા મળીને સહિયારો*

પ્રયત્ન કરીએ....

(૨) બાજખેડાવાળ પત્રિકાના માધ્યમથી સમાચારો આપના સુધી પહોચાડવાનો નમ્ર પ્રયાસ થયો છે. લગ્નોત્સુક યુવક–યુવતિઓના જન્માક્ષર, અવસાન નોંધ, અભિનંદન, લેખો, સમાજને જાગૃત કરવાના, કેળવવાના તેમજ શહેર ગામના મંડળો દ્વારા થનાર અને થઈ ગયેલી પ્રવૃતિઓનું સમાચાર માધ્યમથી સંગઠનના ભાગરૂપે બજાવેલ અને થયેલ કામગીરી ઉત્કૃષ્ઠ જ્ઞાતિ સમાજને પહોંચાડવાની હોય છે. સમસ્તનો સહકાર સહયોગ લઈને અને આપીને સમાજને વધુ ઉજ્જવળ તેમજ આર્થિક રીતે સદ્ધર બનાવીએ.

પત્રિકાનું મહત્ત્વ દિવસે દિવસે ઘટતું જાય છે કારણ કે હાલ સોશીયલ મિડીયાના માધ્યમથી આપણે પત્રિકા વ્હોટસ એપ, ફેસબુક, વેબસાઈટ પરથી અંદાજિત ૧૨૦૦૦ થી વધુ જ્ઞાતિજનો આ માધ્યમથી પત્રિકાનો લાભ મેળવતા થઈ ગયા છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદની સ્થાપનાથી લઈને અત્યાર સુધીમાં જણાવ્યા પ્રમાણે અધિવેશન ભરાયાં. હિતવર્ધક સભાનું પ્રથમ અધિવેશન તા. ૩૧–૧૨–૧૯૧૧ના ઉમરેઠ મુકામે શ્રી દિવાન બહાદુર રણછોડભાઈ દવેના પ્રમુખ સ્થાને મળેલુ હતું.

| | | | |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧–૧૨–૧૯૧૧ | ઉમરેઠ | પ્રમુખ શ્રી દિવાનબહાદુર રણછોડભાઈ દવે |
| (૨) | તા. ૨૯–૧૨–૧૯૧૨ | ડાકોર | પ્રમુખ શ્રી ભાઈશંકર પંડ્યા |
| (૩) | તા. ૨૮–૧૨–૧૯૧૩ | ભરૂચ | પ્રમુખ શ્રી દામોદર જી. જોષી |
| (૪) | તા. ૦૪–૦૪–૧૯૧૫ | નડીયાદ | પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ મહેતા |
| (૫) | તા. ૨૩–૦૪–૧૯૧૬ | આણંદ | પ્રમુખ શ્રી વૈજનાથ પંડ્યા |
| (૬) | તા. ૩/૪–૦૪–૧૯૨૬ | મહુધા | પ્રમુખ શ્રી મંછારામ ભટ્ટ |
| (૭) | તા. ૧૮–૦૫–૧૯૪૭ | ઉમરેઠ | પ્રમુખ શ્રી ડૉ. ચંદુલાલ જોષી |

૧૯૪૭ થી ૧૯૭૨ સંસ્થા સુષુપ્ત રહી ત્યારબાદ
સંસ્થા ફરી સક્રિય થઈ જેના સ્વરૂપે આઠમું અધિવેશન ભરાયું.

| | | | |
|---|---|---|---|
| (૮) | તા. ૧૧–૦૬–૧૯૭૨ | અમદાવાદ | પ્રમુખ શ્રી ગણપતલાલ પી. ઠાકર |
| (૯) | તા. ૧૮–૧૧–૧૯૭૩ | નડીયાદ | પ્રમુખ શ્રી નટવરલાલ માણેકલાલ દવે |
| (૧૦) | તા. ૨૨–૧૦–૧૯૭૪ | અમદાવાદ | પ્રમખુ શ્રી નટવરલાલ માણેકલાલ દવે |
| (૧૧) | તા. ૨૦–૦૨–૧૯૭૮ | સુરત | પ્રમુખ શ્રી નાનુભાઈ હરિપ્રસાદ દવે |
| (૧૨) | તા. ૧૮/૧૯–૧–૧૯૭૯ | ઉમરેઠ | પ્રમુખ શ્રી નંદશંકર ઉમીયાશંકર દવે |
| (૧૩) | તા. ૦૮–૦૧–૧૯૮૯ | નડીયાદ | પ્રમુખ શ્રી હરિહર યુ. શેલત |
| (૧૪) | તા. ૨૬–૦૧–૧૯૯૦ | મદ્રાસ | પ્રમુખ શ્રી હરિહર યુ. શેલત |
| (૧૫) | તા. ૧૦–૦૪–૧૯૯૩ | અમદાવાદ | પ્રમુખ શ્રી ઘનશ્યામપ્રસાદ શેલત |
| (૧૬) | તા. ૧૮/૧૯–૧૧–૦૨ | જબલપુર | પ્રમુખ શ્રી અશ્વિનભાઈ દવે |

૧૬મું અધિવેશન જબલપુર મુકામે ૧૨૦૦ ડેલીગેટની હાજરીમાં યોજાઈ ગયું.

| | | | |
|---|---|---|---|
| (૧૭) | તા. ૦૬–૦૨–૦૫ | શ્રી ક્ષીરજાંબા | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૧૮) | તા. ૨૪/૨૫–૧૨–૦૫ | આણંદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૧૯) | તા. ૩૦/૩૧–૧૨–૦૬ | અમદાવાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૨૦) | તા. ૨૯/૩૦–૧૨–૦૭ | નડીયાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૨૧) | તા. ૨૭/૨૮–૧૨–૦૮ | અમદાવાદ | પ્રમુખ શ્રી શૈલેન્દ્ર સી. દવે |
| (૨૨) | તા. ૨૬/૨૭–૧૨–૦૯ | મદ્રાસ | પ્રમુખ શ્રી શૈલેન્દ્ર સી. દવે |
| (૨૩) | તા. ૨૫/૨૬–૧૨–૧૦ | વડતાલ | પ્રમુખ શ્રી બળવંતરાય દવે |
| (૨૪) | તા. ૨૫–૧૨–૨૦૧૧ | ક્ષીરજામ્બા | પ્રમુખ શ્રી બળવંતરાય દવે |
| (૨૫) | તા. ૩૦–૧૨–૨૦૧૨ | વસો | પ્રમુખ શ્રી કમલેશ ભટ્ટ |
| (૨૬) | તા. ૨૮/૨૯–૧૨–૨૦૧૩ | અમદાવાદ | પ્રમુખ શ્રી કમલેશ ભટ્ટ |
| (૨૭) | તા. ૨૮–૧૨–૨૦૧૪ | મહેમદાવાદ | પ્રમુખ શ્રી હરિવદનભાઈ સી. ત્રિવેદી |
| (૨૮) | તા. ૨૭–૧૨–૨૦૧૫ | મહુધા | પ્રમુખ શ્રી હરિવદનભાઈ સી. ત્રિવેદી |
| (૨૯) | તા. ૨૫–૧૨–૨૦૧૬ | ઉમરેઠ | પ્રમુખ શ્રી અજીતભાઈ બી. દવે |
| (૩૦) | તા. ૨૪–૧૨–૨૦૧૭ | ક્ષીરજામ્બા | પ્રમુખ શ્રી અજીતભાઈ બી. દવે |
| (૩૧) | તા. ૩૦–૧૨–૨૦૧૮ | આશાપુરી | પ્રમુખ શ્રી રાજેશભાઈ પી. દવે |
| (૩૨) | તા. ૨૬–૧૨–૨૦૧૯ | આણંદ | પ્રમુખ શ્રી રાજેશભાઈ પી. દવે |
| | ૨૦૨૦ | કોરોના | પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ ખંભોળજા |
| | ૨૦૨૧ | કોરોના | પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ ખંભોળજા |
| (૩૩) | તા. ૨૫–૧૨–૨૦૨૨ | આણંદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૩૪) | તા. ૩૧–૧૨–૨૦૨૩ | નડીયાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૩૫) | તા. ૨૯–૧૨–૨૦૨૪ | અમદાવાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૩૬) | તા. ૨૮–૧૨–૨૦૨૫ | અંબાજી | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |

તા. ૨૨–૮–૨૦૦૪ના રોજ હિતવર્ધક સભાના અત્યાર સુધીના ઇતિહાસમાં નાની ઉંમરના ખુબ જ ઉત્સાહિત ખંતીલા, સેવાની ભેખ લઈને નિકળેલા શ્રી કિરીટભાઈ દવે પ્રમુખ મલ્યા જેમણે જ્ઞાતિ સમાજની કુળદેવીનું સ્થાન છે. એવા શ્રી ક્ષીરજમ્બા–ખેડબ્રહ્મા મુકામે ૧૭મું અધિવેશન ભરવાનો વિચાર રજૂ કર્યો. સાથે સાથે અંબાજી દર્શન પણ થાય તેવા શુભ આશય સાથે જંગલમાં મંગલ જેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી જેમાં જ્ઞાતિસમાજના સભ્યો માટે ફક્ત રૂા. ૫૧/–નું રજીસ્ટ્રેશન રાખેલ હતું. હિતવર્ધક સભાના કારોબારી સભ્યો તેમજ અતિથિ વિશેષશ્રીઓ દ્વારા સુંદર સહયોગ સ્વરૂપે આ અધિવેશનના ૨૧૦૦ સભ્યોએ ભાગ લીધો.

સમગ્ર ખર્ચને બાદ કરતાં અધિવેશનની આવકની બચત રૂા. ૧,૭૩,૦૦૦/– રકમ વિશિષ્ટ સહાય ફંડ ખાતે લઈ જવામાં આવી.

૧૮મા અધિવેશનમાં આણંદ મંડળ દ્વારા રૂ. ૯૪,૦૦૦/–ની રકમ સભાને મળેલ.

૧૯મું રાષ્ટ્રીય અધિવેશન હિતવર્ધક સભા દ્વારા રૂ. ૨,૧૩,૩૩૬/–ની રકમ સભાને મળેલ છે.

૨૦માં અધિવેશન નડીયાદ દ્વારા રૂ. ૨૦,૦૦૦/– સભાને મળેલ છે.

૨૧માં રાષ્ટ્રીય અધિવેશન શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ દ્વારા સભાને રૂા. ૫,૩૦,૦૦૦/– મળેલ છે.

૨૩મું રાષ્ટ્રીય અધિવેશન વડતાલ મુકામે હિતવર્ધક સભાના નેજા હેઠળ યોજાયેલ જેમાં સંસ્થાને રૂ. ૧,૩૨,૦૦૦/– મળેલ છે.

૨૪મું રાષ્ટ્રીય અધિવેશન બાજખેડાવાળ મંડળ આણંદ દ્વારા સભાના કુલ ૨,૩૪,૦૦૦/– મળેલ છે.

૨૫માં રાષ્ટ્રીય અધિવેશનમાં પણ રૂ. ૩,૫૩,૦૦૦/– જેટલી વિશિષ્ટ સહાય ફંડમાં રકમ મળેલ છે.

૨૬માં રાષ્ટ્રીય અધિવેશનમાં અમદાવાદ ખાતે રૂ. ૧૨ લાખ જેવી રકમ સભાને મળેલ છે.

૨૭માં રાષ્ટ્રીય અધિવેશનમાં મહેમદાવાદ સમાજ દ્વારા રૂ. ૨,૩૮,૮૬૫/– સભાને મળેલ છે.

૨૮માં રાષ્ટ્રીય અધિવેશનમાં મહુધા સમાજ દ્વારા રૂ. ૧,૧૧,૧૧૧/–સભાને મળેલ છે.

૨૯માં રાષ્ટ્રીય અધિવેશનમાં ઉમરેઠ મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના દ્વારા રૂ. ૧૦,૫૫,૦૦૦/–ની રકમ સભાને એકત્રિત કરેલ છે.

૩૦માં રાષ્ટ્રીય અધિવેશનમાં ક્ષીરજામ્બા મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા રૂ. ૫,૦૯,૬૦૨/–ની રકમ એકત્રિત કરેલ છે.

૩૧માં રાષ્ટ્રીય અધિવેશનમાં આશાપુરી મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા રૂ. ૪,૦૧,૧૫૦/–ની રકમ એકત્રિત કરેલ છે.

૩૨માં રાષ્ટ્રીય અધિવેશનમાં આણંદ મુકામે શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદના દ્વારા રૂ. ૫,૫૦,૦૦૦/–ની રકમ સભાને મળેલ છે.

૩૩માં રાષ્ટ્રીય અધિવેશનમાં આણંદ મુકામે શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદના દ્વારા રૂ. ૪,૮૫,૦૦૦/–ની રકમ સભાને મળેલ છે.

૩૪માં રાષ્ટ્રીય અધિવેશનમાં નડિયાદ મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા રૂ. ૮,૮૫,૦૦૦/–ની રકમ એકત્રિત કરેલ છે.

૩૫માં રાષ્ટ્રીય અધિવેશનમાં અમદાવાદ મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા રૂ. ૨૯,૪૦,૦૦૦/–ની રકમ એકત્રિત કરેલ છે.

૧૯૭૨ થી આ સંસ્થાને સજીવન કરવામાં આવેલ. તે વખતના પ્રમુખશ્રીઓએ જુદા જુદા ગામોની મિલકત માટે, વસતિપત્રક માટે, લગ્નપ્રથા, તેમજ સંસ્થાને બંધારણીય દૃષ્ટિએ વ્યવસ્થિત કરવાના પ્રયત્નો કર્યા.

આ વિશિષ્ટ સહાય ફંડ ભેગુ કરવામાં જ્ઞાતિના ભૂતપૂર્વ પ્રમુખો, હોદ્દેદારશ્રીઓ, દાતાશ્રીઓ તથા જ્ઞાતિજનો દ્વારા સંસ્થાને એક યા બીજી રીતે આર્થિક સહાય પૂરી પાડવામાં સિંહફાળો રહેલો છે. ૧૯૭૬માં રૂ. ૧૨ થી શરૂ કરીને ઉત્તરોત્તર વિશિષ્ટ સહાયની રકમ વધતા ૧૯૮૬માં રૂા. ૫૦, ૧૯૯૮–૯૯માં રૂા. ૧૫૦/– ત્યારબાદ રૂા. ૧૮૦/–, રૂા. ૨૦૦/, રૂા. ૨૫૦/– રૂા. ૪૨૫/–, રૂા. ૪૭૫/–, રૂ. ૬૦૦/– તેમજ ૧–૧૨–૨૦૧૪થી રૂ. ૭૫૦/–, તા. ૧–૧૨–૨૦૧૫થી રૂ. ૧૦૦૦/–, તા. ૨૮–૧–૨૦૧૮થી રૂ. ૧૩૦૦/– આપવાના શરૂ કરેલ છે. જે રકમ હવે તા. ૦૧–૦૮–૨૦૨૪થી રૂ. ૨૫૦૦/– આપવાનું ઠરાવેલ છે.

ચાલુ સાલે તા. ૩૧–૦૩–૨૦૨૫ના રોજ રૂ. ૨ કરોડ ૮૬ લાખ રૂપિયા રોજ ફિક્સ ડિપોઝીટ તરીકે (બેન્કોના વ્યાજ ઓછા થતા યુ.ટી.આઈ. મ્યુચ્યુઅલ ફંડમાં રકમો રોકવામા

આવેલ છે. અત્યાર સુધીના અનુભવો પ્રમાણે ૧૦% થી ૧૩% જેવી રકમ વ્યાજ અથવા ડિવિડન્ડ તરીકે મળે છે)

હાલ ૪૧ બહેનો x રૂ. ૨૫૦૦/- = રૂ. ૧,૦૨,૫૦૦/- પ્રત્યિક માસે એક કુલ મળી વાર્ષિક રૂ. ૧૨,૩૦,૦૦૦/-ની માતબર રકમ વિશિષ્ટ સહાય પેટે આપવામાં આવે છે. જેથી વહીવટદારોના સુઝબુઝથી પોતાના ફંડને વધુમાં વધુ આવક મળે તેવા પ્રયત્નો કરવામાં આવે છે અને આ રકમો ચૂકવાય છે. આમ ઉત્તરોત્તર પ્રગતિ કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

હાલની મોંઘવારીમાં વિશિષ્ટ સહાયની રકમ ઓછી ગણાય. દેશ-વિદેશમાં વસતા આપણા સગાસંબંધી મિત્ર વર્તુળમાં સર્વે જ્ઞાતિજનોને વિનંતી સહ ફરીથી વિશિષ્ટ સહાય ફંડની રકમ વધારે ભેગી કરી તેના વ્યાજમાંથી અપાતી રકમ વધારે ચુકવી શકીએ તેવા ઘનિષ્ઠ પ્રયાસો હિતવર્ધક સભા આપના દ્વારા કરે છે જેને આપ સર્વે બળ આપી વધારી જ્ઞાતિ સમાજના નિરાધાર - શારિરીક અશક્ત અને જરૂરીયાત મંદ વ્યક્તિઓને સહાય કરવાનો પ્રયાસ કરીએ.

વિશિષ્ટ સહાય ફંડમાં વધારો કરવા માટે આપ મોટી રકમથી સહાય કરી શકો તેવું જ નથી આપના દ્વારા અપાયેલ નાનામાં નાની રકમ પણ "ટીપે ટીપે સરોવર" ભરાય તેવી મદદરૂપ થઈ શકે છે. આપનો જન્મદિવસ હોય, આપની લગ્નની તિથી હોય, માતા-પિતા, દાદા-દાદી, ભાઈ-બહેન કે કુટુંબના કોઈ સ્વજન વિશેષ સિદ્ધિ મેળવી હોય તેવી માહિતી સાથે યોગ્ય રકમ આપી આ વિશિષ્ટ સહાય ફંડને વધારવામાં ખૂબ જ ઉપયોગી બની શકો છો. આપની આ નાની-નાની સહાય કેટલો મોટો ફંડ બની જશે.

કાળક્રમે કોરોના મહામારીના પગલે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને મળતી રકમોમાં થોડી ઓટ આવી છે તેવું કહીએ તો અસ્થાને નથી આપશ્રી આપના કુટુંબના સારા નરસા પ્રસંગે ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપશે તો પણ બધી રકમ ભેગી થતા દિવસે દિવસે ઉત્તરોત્તર ફંડ વધારવામાં મદદ રૂપ થશે અમારા અનુભવ પ્રમાણે છેલ્લા ચાર વર્ષમાં અધિવેશનની આવક સિવાય અન્ય આવકો નહિવત થયેલ છે. હવે આ પરિસ્થિતિમાંથી જલદીથી બહાર આવી આપણા સમાજની વિધવા-ત્યક્તા બહેનોને વધુ મદદરૂપ થવાના પ્રયત્ન કરવા પડશે. તમને કદાચ એવું લાગતું હશે કે માતબર રકમ સંસ્થા પાસે ભેગી થઈ ગઈ છે. પરંતુ સાથે સાથે વ્યાજના દરો ઘટતા વ્યાજની આવક ઓછી થવાથી આ રકમમાં કદાચ ઘટાડો કરવાની પરિસ્થિતિ ના આવે તે જોવાની આપણી સહયારી ફરજ છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યો જ્ઞાતિ સમાજના તમામ ભાઈઓ-બહેનો દ્વારા આ ભગીરથ યજ્ઞને પાર પાડવા જે કોઈ સહકાર આપેલ છે. તે બદલ સૌનો આભાર. આપ સર્વે જ્ઞાતિજનોને કોટી કોટી અભિનંદન.

**- સમીરભાઈ દવે (મંત્રીશ્રી)**

# પ્રમુખ સ્થાનેથી

## વિશિષ્ટ સહાય અંગેની ખૂબ અગત્યની જાણકારી

દર ત્રણ વર્ષે વિશિષ્ટ સહાય ફંડના લાભાર્થી બહેનો પાસે આપણે નિયમિત રીતે ફોર્મ ભરાવી માહિતી મંગાવતા હોઈએ છીએ ચાલુ સાલે પણ આ માહિતી મંગાવેલ હતી. કુલ ૫૬ બહેનોને ફાર્મ ભરવા મોકલી આપેલ જેમાંથી ૩૮ ફોર્મ જ ભરીથી ભરાઈને આવેલ ૯ નવી અરજીઓ આવેલ હતી આમ તા. ૩૧-૦૩-૨૪ના રોજ કુલ ૪૭ ફોર્મની ચકાસણી થયેલ જે પૈકી ૩૪ ફોર્મ મંજૂર કરવામાં આવેલ. ત્યારબાદ તા. ૦૧-૦૪-૨૦૨૫ના રોજ બીજા ૧૪ ફોર્મ નવા આવેલા જેમાંથી ૭ ફોર્મ મંજૂર કરતાં હાલ ૪૧ લાભાર્થીઓ લાભ મેળવે છે.

સામાન્ય રીતે અરજીઓ નામંજૂર થવાના કારણે નીચે મુજબના હોય છે.

(૧) ૬૦ વર્ષની ઉંમર ના થઈ હોય (૨) બાળકો કમાતા હોવા છતાં અરજીઓ કરી હોય. (3) નિયમોથી વધારે આવક હોય (૪) સંસ્થાએ માંગેવલ ડોક્યુમેન્ટ પૂરતા ન હોવાને કારણે (૫) છેલ્લા ઘણાં વર્ષોથી વિધવા-ત્યક્તા બહેનો ૬૦ વર્ષથી નાની ઉંમરની હોય તેવી બહેનોના બાળકો અભ્યાસ કરતા હોય તેઓને શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીમાંથી ફી સહાય પેટે રૂ. ૧૨૦૦૦/-ની મર્યાદામાં રહી અરજીઓ મંગાવવામાં આવે છે અંદાજિત ૬ બહેનોને દર વર્ષે આ લાભ આપવામાં આવે છે. સંખ્યા વધ-ઘટ થતી હોય છે.

સંસ્થા દ્વારા નિયત ફોર્મેટમાં રહી જરૂરીયાતમંદ બહેનોને વિશિષ્ટ સહાય આપવામાં આવે જ છે ઘણી વખત ગામેગામના હોદ્દેદારો દ્વારા નિયમોની ખબર હોવા છતાં પોતાના અંગત સંબંધો સારા રાખવા માટે લાભાર્થીને સાચી માહિતીથી વાકેફ કરતાં નથી અને ફોર્મ મોકલી આપે છે.

ત્યારબાદ સંસ્થા દ્વારા ફોર્મ નામંજૂર થાય છે. સંસ્થા માટે દુપ્રચાર કરવામાં આવે છે કે અમો તો સહી કરીને મોકલી આપીએ છીએ ના આપે તો શું કરીએ ? આ સંસ્થા કોઈપણ વ્યક્તિ વિશેષના રાગ-દ્વેષથી, અંગત વૈમનસ્યથી કે વ્હાલા-દવલાની નીતિથી ચાલતી નથી. જેના કારણે જ સંસ્થા આ મદદમાં ઉત્તરોત્તર વધારો કરી રહી છે. સાથે સાથે દર વર્ષે અધિવેશનની મદદથી માતબર રકમ ભેગી કરે છે. જેથી જ્ઞાતિ સમાજે હવનમાં હાડકાં નાખનાર ગણ્યા-ગાંઠ્યા માણસોના દુપ્રચારથી દૂર રહેવું.

તા. ૦૧-૦૮-૨૦૨૪ પછી ચાલુ માસે આપવામાં આવેલી રકમમાં પ્રત્યેક લાભાર્થી દીઠ રૂ. ૫૦૦/- વધારી રૂ. ૨૦૦૦/-ને બદલે રૂ. ૨૫૦૦/- માસિક કરેલ છે. આમ એક લાભાર્થીને વાર્ષિક રૂ. ૩૦૦૦૦/- મળે જે વાર્ષિક કુલ રકમ રૂ. ૧૨,૩૦,૦૦૦/- જેવી થાય છે. જરૂરીયાત મંદ બહેનોની માહિતી મળેથી આ રકમમાં વધારો થઈ શકે છે.

આમ છતાં કોઈને કોઈ માહિતીની જરૂર હોય તો વિના સંકોચે પ્રમુખશ્રીને સંપર્ક કરી માહિતી મેળવી શકે છે.

**- કિરીટભાઈ મંગુપ્રસાદ દવે - પ્રમુખશ્રી**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના - અધિવેશન અધ્યક્ષશ્રી



**ડો. ભરતકુમાર આર. ભટ્ટ**
**ડૉ. કોકિલાબેન બી. ભટ્ટ**

કહેવાયું છે ને જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતાં પણ ચડિયાતી છે આ ભાવ ડૉ. ભરતભાઈના સૂરમાં ચરિતાર્થ થતો દૃશ્યમાન થાય છે.

પિતા રવિશંકર છોટાલાલ ભટ્ટ - સાધુ જીવડો, તો વળી માતા શાન્તાબહેન રવિશંકર ભટ્ટ ધર્મપરાયણ, કર્તવ્યનિષ્ઠ, પરગજુ તેમજ અતિશય ઉધમી. આમ, આ પ્રસન્ન દંપતી - રવિશંકર ભટ્ટ તથા શાંતાબેન ભટ્ટના કુલ આઠ સંતાનો સર્વશ્રી જગદીશચંદ્ર ભટ્ટ, મધુસુદન ભટ્ટ, સુવર્ણાબેન જોશી, પન્નાબેન ઠાકર, સુધીરચંદ્ર ભટ્ટ, ભરતકુમાર ભટ્ટ, કિરણકુમાર ભટ્ટ તથા હરીશકુમાર ભટ્ટ આ શ્રેણીમાં ભરતકુમારનો છઠ્ઠો નંબર.

તા. ૨૮-૧૨-૧૯૫૧ના રોજ માંડવી જિ. સુરત ખાતે ભરતકુમારનો જન્મ થયો અને શરૂ થઈ જીવનની સફર.

ધો-૫ સુધીનું પ્રાથમિક શિક્ષણ ઓલપાડ ખાતે મેળવ્યું તેમજ ધો. ૬ થી એસ.એસ.સી. સુધીનું શિક્ષણ એચ. એમ. દવે ઉચ્ચત્તર માધ્યમિક શાળા-ઉમરેઠ ખાતે મેળવ્યું. ૧૯૬૮માં કુમાર ભરત જ્યારે એસ.એસ.સી.માં હતા ત્યારે આખાય ઉમરેઠ સેન્ટરમાં તે પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થયા હતા.

કળતર હોય, નડતર હોય છતાં પણ જેને કેડી કંડારવી છે તે, તો પગદંડી બનાવીને ચાલ્યા જ કરે છે. ત્યારબાદ વી. પી. સાયન્સ કોલેજ - વલ્લભવિદ્યાનગર ખાતે પ્રી સાયન્સનો અભ્યાસ કરેલ છે તે દરમિયાન તેઓ શ્રી બાજખેડાવાળ છાત્રાલયમાં જ નિવાસ કરેલ છે. એમ. એસ. યુનિવર્સિટી વડોદરા ખાતે પ્રી. મેડીકલનો અભ્યાસ મેડીકલ કોલેજ વડોદરા ખાતે તેમજ મેડીકલનો અભ્યાસ મેડીકલ કોલેજ વડોદરા ખાતે કરેલ છે. ૧૯૭૬માં પી.એચ.સી. શિવરાજપુર ખાતે નોકરીમાં જોડાય છે. ૧૯૭૭માં સરકારી હોસ્પિટલ રાજપીપળા ખાતે જોડાય છે. તા. ૧૫-૫-૧૯૭૮ રોજ અમદાવાદ મણિનગર નિવાસી નરેન્દ્રભાઈ ભટ્ટ તથા સુવર્ણાબેન

ભટ્ટના સુપુત્રી ડૉ. કોકિલાબેન ભટ્ટ સાથે પ્રભુતાના પગલાં માંડે છે તો, ડૉ. કોકિલાજી પણ દૂધમાં સાકર ભળે તેમ ભટ્ટ પરિવારમાં ભળી જાય છે.

ઈ.સ. ૧૯૮૧ની સાલ ભરતભાઈના જીવનમાં નવી આશાના કિરણો તેડી લાવે છે. આરોગ્ય મંત્રાલય–ઝામ્બિયા ખાતે બે વર્ષના કોન્ટ્રાક્ટથી લુસાકા ખાતે તેઓ જાય છે. પછી તો તે કોન્ટ્રાક્ટ ચાલુ રહે છે અને ઝામ્બિયા તેમની કર્મભૂમિ બની જાય છે. ૧૯૮૭માં Z.C.C.M. Cooper Mines Hospital માં જોડાય છે, તે સેવાઓ વર્ષ ૨૦૦૨ સુધી અવિરત રહે છે. સોનામાં સુગંધ ભળી ૨૦૦૨માં જ્યારે તેઓ પોતાનું દવાખાનું ખોલે છે. તે આજસુધી કાર્યરત છે. ડૉ. ભરતભાઈ તથા ડૉ. કોકિલાબેનના બે સંતાનો પૈકી મોટા દીકરા ચિ. ચિરાગ ભટ્ટ, પુત્રવધુ આરતી ભટ્ટ તથા તેમના બે સંતાનો ચિ. દિયા અને ચિ. રાહી ભટ્ટ અમેરિકા સ્થાયી થયા છે. પુત્ર અને પુત્રવધુ બંને નોકરી કરે છે. તેમ જ નાના દીકરા ડૉ. હાર્દિક ભટ્ટ, પુત્રવધુ અમૃતા ભટ્ટ તથા તેમનાં સંતાનો ચિ. નીઅમ ભટ્ટ અને ચિ. ઈશાન ભટ્ટ સાથે અમેરિકા જ સ્થાયી થયા છે. ડૉ. હાર્દિકભાઈ દાંતના ડૉક્ટર છે.

ભરતભાઈ સેવાક્ષેત્રમાં યથા યોગ્ય સહકાર માટે હંમેશા કટિબદ્ધ રહ્યા છે. જ્ઞાતિના તમામ મંડળોમાં જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ફૂલ નહીંને ફૂલની પાંખડી યોગદાન આપતા રહ્યા છે.

ડૉ. ભરતભાઈ દાક્તરી વ્યવસાય ઉપરાંત ઝામ્બિયા ખાતે વિવિધ શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક પ્રવૃત્તિઓમાં પણ ખૂબ જ સક્રિયતાથી રસ લે છે. એ પછી Ndola હિન્દુ સમાજની વાત હોય, લ્યુઆન્સા હિન્દુ સમાજની વાત હોય, રોટરી ક્લબની વાત હોય તેમજ વર્ષ ૨૦૦૫માં લ્યુઆન્સા હિન્દુ એસોસિએશનના પ્રમુખ તરીકે તેમજ મિશન મેડીકેર સંસ્થામાં તે સૌમાં તેમના સેવાની સુવાસ અત્તરની જેમ મહેંકી રહી છે. તેમની તમામ પ્રવૃત્તિઓમાં તેમના અર્ધાંગીની ડૉ. કોકિલાબેન ભટ્ટ પણ સુસજ્જતાથી તેમની પડખે જ ઉભા રહ્યા છે.

વ્યવસાયે ડૉ. કોકિલાબેન દાંતના નિષ્ણાંત તબીબ છે.

ખરેખર ! આ તબીબ બેલડીની આટલા લાંબા ગાળાની સેવા સાધના તેમજ ઘડાયેલી કારર્કિદીના મૂળમાં માતા શાંતાબેન તથા પિતા રવિશંકર ભટ્ટના સંસ્કારો જ છે. ભરતભાઈ સ્વભાવે ખૂબ જ લાગણીશીલ છે તેઓ આટલા વર્ષોથી વિદેશ છે છતાં આટલા દૂરથી પણ તેમનો પ્રેમ રામાયણના ‘ભરત’ જેવો છે. તેઓ કૌટુંબિક જવાબદારીઓ પણ સાતત્યપૂર્વક નિભાવી રહ્યા છે.

તાજેતરમાં જ તા. ૨૪–૧૦–૨૦૨૪ના રોજ ઝામ્બિઆના મહામહિમ રાષ્ટ્રપતિશ્રીના વરદ્ હસ્તે ડૉ. ભરતભાઈ અને કોકિલાબહેનનું ૪૩ વર્ષની ઝામ્બિઆ ખાતેની સુદીર્ઘ સેવાઓ બદલ જાહેર નાગરિક સન્માન કરવામાં આવ્યું હતું. આ અત્યંત આનંદ અને ગૌરવની બાબત છે.

આજે ગૌરવપૂર્વક સમાજમાં આ હૃદયસ્થ રવિશંકર છોટાલાલ ભટ્ટ પરિવાર દિવ્યતા અને ભવ્યતાથી પોતાની આગવી સોડમ પ્રસરાવી રહ્યા છે.

છેલ્લા ત્રણ વર્ષથી અધિવેશનને અવિતર પણે દાનરૂપી સેવાઓ આપે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન - અંબાજી, તા. ૨૮, ડિસેમ્બર, ૨૦૨૫
## કો–ઓર્ડીનેટરશ્રી નિવેદન શ્રી પ્રણવભાઈ શશીકાન્તભાઈ જોષી



શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ દ્વારા અંબાજી મુકામે એવલા બીડીવાલા ખાતે આયોજીત ૩૬મું રાષ્ટ્રીય અધિવેશનમાં સમગ્ર ભારતના ગામોમાં વસતા બાજખેડાવાળ જ્ઞાતિજનો એકમેકને મળી અને વિચારોની આપ–લે થાય. સંબંધો ગાઢ બને તથા આનંદ–પ્રમોદ કરવાનો શુભ અવસર છે. સંસ્થાનો અભિગમ આવા આયોજન થકી વધતી આવકમાંથી ખર્ચ બાદ કરતા વધતી રકમનો ઉપયોગ સમાજની વિધવા બહેનોને આર્થિક સહાય કરવાનો છે. જે ખરેખર એક અનુકરણીય કાર્ય છે. જે સહાય રૂ. ૩૦/–થી શરૂ કરી આજે પ્રતિ માસે રૂ. ૨૫૦૦/–એ પહોંચ્યા છે. આ માટે સમગ્ર જ્ઞાતિજનો તથા શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યોનો ખૂબ જ ફાળો રહેલ છે. આ અધિવેશનમાં હાજર રહેનાર સૌનો હું અંતઃકરણપૂર્વક આભાર અને અહેસાનની લાગણી અનુભવું છું અને અધિવેશન સફળ બને તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ. આવા અધિવેશન દર સાલ ગામે ગામે યોજાતા રહે અને જ્ઞાતિજનો સદાય આનંદ કરતા રહે તેવી શુભેચ્છા.

જય મહાદેવ.

# શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી - વલ્લભ વિદ્યાનગર

## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન - અંબાજી, તા. ૨૮, ડિસેમ્બર, ૨૦૨૫

## *ઉપપ્રમુખશ્રીનું નિવેદન શ્રી જગદીશભાઈ પ્રાણશંકર દવે*



*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ દ્વારા અંબાજી મુકામે યેવલા બીડીવાલા ખાતે આયોજીત ૩૬મું રાષ્ટ્રીય અધિવેશનમાં તા. ૨૮-૧૨-૨૦૨૫ના રવિવારના રોજ ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન યોજાઈ રહેલ છે. આ તબક્કે શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના ઉપપ્રમુખ તરીકે આપ સૌને આવકારતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ઈતિહાસનો હું છેલ્લા ૫૩ વર્ષથી સાક્ષી છું ખૂબ જ નાની પ્રવૃતિઓથી શરૂ કરેલ સંસ્થા આજે એક ખૂબ જ વિશાળ વટવૃક્ષ બની છે જેમાં શંકાને સ્થાન નથી. અગાઉ અધિવેશનો યોજાતા હતા જેમાં નિયમિતતા નહોતી પરંતુ યુવાન અને બાહોશ પ્રમુખશ્રી કિરીટકુમાર દવેની ૨૦૦૪ની સાલમાં પ્રમુખ તરીકે નિમણૂંક થતાં અધિવેશનની વણથંભી વણઝાર નિયમિત રીતે ચાલુ છે.*

*અધિવેશનો, મેળાવડાઓ, મેરેજ કોન્ફરન્સો, સમૂહ જનોઈ, નવચંડી યજ્ઞ, વડીલોનું સન્માન સમારંભ, લઘુરૂદ્ર, શરદોત્સવ, નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ જેવા કાર્યક્રમો ગામે ગામના મંડળો દ્વારા યોજાય છે. જ્ઞાતિ સમાજના જ્ઞાતિજનો એકબીજાથી નજીક આવે અને વધુ સારી રીતે જ્ઞાતિને આગળ વધારવામાં મદદરૂપ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.*

*આ પ્રસંગેશ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ તથા અધિવેશનને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે નામી-અનામી સૌ દાતાઓ, ઉદ્દ્ઘાટકશ્રીઓ, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથી વિશેષશ્રીઓને આવકારતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.*

*સૌને મારા જય માતાજી.*

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૬માં રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – ઉદ્‌ઘાટકશ્રી



## શ્રી સમીર સુભાષચંદ્ર દવે

શ્રી સમીર સુભાષચંદ્ર દવેનો જન્મ ગંગાપોળ ઉમરેઠ મુકામે તા. ૫–૭–૧૯૭૭ના રોજ જયશ્રીબેન તથા સ્વ. શ્રી સુભાષચંદ્ર દવેના ઘરે થયેલો અને તેઓ નાનપણથી જ તથ્યોને ખૂબ જ સરળતાથી અને ઝડપી જાણી શકનાર લક્ષણો ધરાવતા હોવાથી અભ્યાસમાં તેઓ B.Com થયા. બાદ DCA તથા ત્યારબાદ LLB, LLM સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલ અને અમદાવાદમાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સને ૨૦૦૨ થી વકિલાતના વ્યવસાય સાથે જોડાયેલા છે અને તેઓ તેમના કાર્યક્ષેત્રમાં ખુબ જ સારી પ્રેક્ટીસ કરી સ્થાયી થયેલા છે અને વકીલ આલમમાં ખુબ જ સારી પ્રતિષ્ઠા ધરાવે છે. તેઓની ઓફીસ પંચવટી, અમદાવાદ મુકામે આવેલી છે. તેઓ તમામ પ્રકારના કેસીસ હેન્ડલ કરવા માટે સક્ષમતા ધરાવે છે. તેઓના પિતા Ex. Amry Man હતા જેઓની સ્ટ્રેન્થ, નિષ્પક્ષતા, બુદ્ધિચાતુર્ય તેમને વારસમાં મળેલ છે અને તેઓ પોતાના કાર્યક્ષેત્રમાં નીડરતાથી આગળ વધી રહ્યા છે.

તેઓના માતાશ્રી જયશ્રીબેન મૂળ ઉમરેઠ અને ત્યારબાદ મુંબઈની સુરત મુકામે તેઓના પિતાશ્રી સ્વ. ચીમનલાલ નાથજીભાઈ દવે તથા માતા શાંતાબેન સાથે સ્થાયી થયા બાદ સ્વ. શ્રી સુભાષચંદ્ર અંબાલાલ દવે સાથે લગ્ન કર્યા બાદ મોટા પુત્ર રત્ન સચિન તથા બીજા નંબરે સમીર તથા ત્યારબાદ પુત્રી નિશાનો જન્મ થયેલ.

શ્રી સમીરભાઈના લગ્ન સને ૨૦૦૫માં ડાકોર મુકામે રહેતા અને જલારામ ડેરીના નામથી વ્યવસાય ચાલે છે તેવા ઉર્મિલાબેન તથા સ્વ. શ્રી સતિષચંદ્ર મોહનલાલ દવેની પુત્રી વૈશાલીબેન સાથે થયેલા અને લગ્નબાદ તેઓને બે પુત્રીરત્ન નામે માર્મિકા તથા સ્વસ્તિકાનો જન્મ થયેલ અને તેઓ બંને અનુક્રમે ધોરણ ૧૨ પાસ કોલેજમાં અને ધોરણ ૮માં હાલ અભ્યાસ કરી રહ્યા છે અને મણીનગરમાં રહીને મણીનગર મુકામે ડીવાઈન બર્ડ્સ સ્કૂલમાં અભ્યાસ કરી રહેલ છે.

ખરેખર એક પુરુષની સફળતા પાછળ સ્ત્રીનો હાથ હોય છે તે કહેવત ખરેખર સમીરભાઈના કિસ્સામાં સાર્થક થતુ હોય તેમ નાનપણથી જવાની સુધી માતા જયશ્રીબેનનો હાથ અને ત્યારબાદ વૈશાલીબેન સાથે લગ્ન કર્યા બાદ તથા બંને પુત્રી રત્નના જન્મ બાદ જાણે કે તેઓ ખૂબ જ સફળતા તેઓના જીવનમાં મેળવેલી છે તે ચોક્કસ છે.

તેઓશ્રી સામાજીક વ્યક્તિત્વ ધરાવતા હોઈ સમાજની સંસ્થા શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સભાના હાલ મંત્રી તરીકે તથા શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીમાં પણ મંત્રી તરીકેની સેવાઓ ઘણા સમયથી આપી રહ્યા છે અને આ ઉપરાંત અમદાવાદ મુકામે કાર્યરત શ્રી બાજખેડાવાળ કેળવણી અને સાંસ્કૃતિક મંડળમાં ઘણાં સમયથી કારોબારી સભ્ય તરીકે કાર્યરત છે અને આ ઉપરાંત સમાજના કાર્યો કરવામાં હંમેશા મદદરૂપ થવા માટે હરહંમેશ તત્પર રહે છે.

વધુમાં શ્રી સમીરભાઈ ખૂબ જ શાંતિપ્રિય અને ધાર્મિક ભાવનાઓ ધરાવતા હોઈ ધાર્મિક કાર્યોમાં કાર્યરત રહે છે અને વકીલોના મંડળમાં પણ આગવી ઓળખ ધરાવે છે. ક્ષીરજાંમ્બા માતાની અસમી કૃપાથી તથા દેવોના દેવ મહાદેવજીના આશીર્વાદથી અને રાજાધિરાજ રણછોડરાયની અસીમ કૃપા તેમના પર સતત વરસતી રહેતી હોવાથી તેઓ કોઈપણ કાર્ય હાથ પર લે તે પૂર્ણ કરી શકે છે.

આમ, તેઓને આ વર્ષે ૩૬માં રાષ્ટ્રીય અધિવેશનમાં ઉદ્‌ઘાટક તરીકે સ્થાન મળેલ હોઈ અને આટલુ મોટું બહુમાન આપવા બદલ સંસ્થાનો હૃદયથી ખૂબ જ આભાર માને છે અને સંસ્થાના કાર્યો હરહંમેશ ચાલતા રહે અને સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિના પંથે ચાલે તેવી શુભેચ્છા સહ....

તેઓશ્રી ૩૫માં રાષ્ટ્રીય અધિવેશનમાં અધ્યક્ષ તરીકેની સેવાઓ આપેલ છે.

છેલ્લા ૪ વર્ષથી સંસ્થાને આર્થિક, માનસિક, શારીરિક રીતે ખૂબ મદદ કરી રહ્યા છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ ૩૬માં રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – મુખ્ય મહેમાનશ્રી



**શ્રી વર્ષાબેન શૈલેષકુમાર જોષી**

વર્ષાબેન સ્વ. અમુલખરાય ગણપતરામ ઠાકર અને સ્વ. ભારતીબેનના પુત્રી થાય. તેમના લગ્ન સ્વ. શ્રી નટવરલાલ સોમેશ્વર જોષી અને સ્વ. જયાબેનના પુત્ર શૈલેષભાઈ સાથે થયા.

શૈલેષભાઈ શ્રી અખિલ ભારતીય હિતવર્ધક સભાના ટ્રસ્ટી અને શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ અમદાવાદના ટ્રસ્ટી છે. શૈલેષભાઈ અને વર્ષાબેન વર્ષોથી જ્ઞાતિ સેવા અને સામાજીક કાર્યોમાં પ્રવૃત્ત છે.

વર્ષાબેન શાંત, મૃદુભાષી અને કાર્યશીલ છે. તેમના ત્રણ પુત્રો પૈકી વરૂણ મનીલા ફિલીપીન્સ ખાતે યુ.એસ. કંપનીમાં ફરજ બજાવે છે. વચલો પુત્ર પ્રિયંક આઈ.આઈ.ટી. દિલ્હીમાંથી પી.એચ.ડી પૂર્ણ કરી હાલમાં આઈ.આઈ.ટી. મુંબઈમાં સાયન્ટીસ્ટ તરીકે રિસર્ચ પ્રોગ્રામમાં ફરજ બજાવી રહેલ છે. નાનો પુત્ર મહર્ષિ ગ્રેજ્યુએશન પૂર્ણ મેડીકલ ક્ષેત્ર સાથે સંગીત ક્ષેત્રે પ્રવૃત્ત છે. ત્રણે પુત્રોના શિક્ષણ અને ઉજ્જવલ કારકીર્દી માટે વર્ષાબેન અથાગ મહેનત કરી છે.

વર્ષાબેન શૈલેષભાઈ નટવરલાલ જોષી પરિવાર તરફથી હરહંમેશ જ્ઞાતિ સમાજની વિવિધ સંસ્થાઓને સહયોગ મળતો રહે છે.

શ્રી વર્ષાબેન દ્વારા છેલ્લા ૧૬ અધિવેશનથી અવિરતપણે રૂ. ૨૫૦૦૦/– કે તેથી વધુ મોટી રકમનું દાન મળે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૬માં રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના - બપોરના ભોજનના દાતાશ્રી



## શ્રી શૈલેષભાઈ નટવરલાલ જોષી

"નટુકાકા"ના હુલામણા નામે ઓળખતા સ્વ. નટવરલાલ સોમેશ્વર જોષી અને સ્વ. જયાબેન નટવરલાલ જોષીના સુપુત્ર શ્રી શૈલેષ જોષી ગુજરાત રાજ્ય વન વિભાગમાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવી હાલ વ્યવસાયિક નિવૃત્તિ લઈ બીજી અનેક પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ સાથે સંકળાઈ પોતાના માતા-પિતાશ્રીના પગલે અનેક સામાજિક સેવાઓ આપી રહ્યાં છે. તેઓ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટી છે. તેમજ શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ, અમદાવાદના ટ્રસ્ટી છે. છેલ્લા ૩૧ વર્ષથી તેઓએ જ્ઞાતિમાં અનેક જાહેર કાર્યક્રમોમાં ભાગ લઈ શક્ય એટલા મદદરૂપ થવાના પ્રયત્નો કર્યા છે. તેમના પત્ની વર્ષા પણ આવા જ ઉત્સાહી, મૃદુભાષી અને પરગજુ સ્વભાવના છે. તે પોતે પણ સ્વતંત્ર રીતે ઘણી બધી સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. સ્વ. નટવરલાલ જોષી પરિવાર ટ્રસ્ટની સખાવતી પ્રવૃત્તિઓમાં પણ વર્ષાબેન અગ્રેસર રહે છે. તેમના ત્રણ પુત્રો પૈકી પુત્ર વરૂણ ફિલપિન્સ ખાતે યુ.એસ. કંપનીમાં સીનીયર પોસ્ટ ઉપર ફરજ બજાવે છે. બીજા પુત્ર પ્રિયંકે તાજેતરમાં જ ઈન્ડીયન ઈસ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (આઈ.આઈ.ટી.) દિલ્હીમાંથી પી.એચ.ડી. પૂર્ણ કરેલ છે જે કુટંબ અને જ્ઞાતિ માટે ખૂબ જ ગૌરવની વાત છે. હાલમાં પ્રિયંક આઈ.આઈ.ટી. મુંબઈમાં સાયન્ટીસ્ટ તરીકે રિસર્ચ પ્રોગ્રામમાં ફરજ બજાવી રહેલ છે. નાનો પુત્ર મહર્ષિ મેડીકલ સ્ટોરમાં પાર્ટનરશીપ સાથે સંગીતમાં વિશેષ રૂચિ ધરાવે છે અને પ્રોફેશનલ પરફોર્મન્સ આપી પોતાની કારકિર્દી આગળ વધારી રહેલ છે.

આ સમગ્ર કુટુંબ જ્ઞાતિ માટે પોતાની ફરજ સમજી અતિ વ્યસ્તતામાંથી પણ સમય કાઢી મદદરૂપ થઈ એક દૃષ્ટાંત પુરૂ પાડે છે. આ કુટુંબની સેવાકીય પ્રવૃત્તિઓથી પ્રોત્સાહિત થઈ જ્ઞાતિજનો પણ પ્રેરણા મેળવે અને જ્ઞાતિને મદદરૂપ થાય તેવી આશા છે.

શ્રી શૈલેષભાઈ દ્વારા છેલ્લા ૧૬ અધિવેશનશ્રી રૂ. ૩૧૦૦૦/- કે થી વધુ રકમનું ભોજન માટેનું દાન મળી રહેલ છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – બપોરના ભોજનના દાતાશ્રી



**શ્રી વૈશાલી સમીર દવે**

શ્રી વૈશાલીબેન સમીરભાઈ દવેનો જન્મ ૧૯૮૩માં ડેમોલ આણંદ ખાતે થયો હતો.

તેઓશ્રીના પિતા સ્વ. સતિષચંદ્ર મોહનલાલ દવે (જલારામ ડેરી, ડાકોર) અને માતા – ઉર્મિલાબેન સતિષચંદ્ર દવે છે. તેઓશ્રીએ પોતાની એમ.કોમ. સુધીનો અભ્યાસ ડાકોર ખાતેની ભવન્સ કોલેજમાં કરેલ છે. હાલ ડાકોર સ્થિત જલારામ ડેરીનું સંચાલન વૈશાલીબેનના ભાઈશ્રી મેહુલ સતિષચંદ્ર દવે કરે છે.

વૈશાલીબેનના લગ્ન સુભાષચંદ્ર અંબાલાલ દવે અને જયશ્રીબેન સુભાષચંદ્ર દવે, ગંગાપોળ, ઉમરેઠના સુપુત્ર સમીર સુભાષચંદ્ર દવે સાથે વર્ષ ૨૦૦૫માં થયા. હાલ તેઓ અમદાવાદ મુકામે વસવાટ કરે છે. સમીર સુભાષચંદ્ર દવે બી.કોમ., એલ.એલ.એમ.–અમદાવાદ અભ્યાસ કરેલ છે અને હાલ વ્યવસાયે એડવોકેટ છે. તેઓશ્રી જ્ઞાતિના સેવાકાર્ય માટે સદાય તૈયાર હોય છે. સમીરભાઈ જ્ઞાતિની અનેક સંસ્થાઓમાં તેમની સેવાઓ પૂરી પાડે છે.

વૈશાલીબેનને સંતાનરત્નમાં ૨ દિકરીઓ છે (૧) માર્મિકા સમીર દવે જેનો જન્મ ૨૦૦૭માં થયેલ છે. તે હાલ ધોરણ–૧૨માં અભ્યાસ કરે છે. (૨) સ્વસ્તિકા સમીર દવે જેનો જન્મ ૨૦૧૨માં થયેલ છે તે હાલ ધોરણ–૭માં અભ્યાસ કરે છે.

તેઓના પરિવારે ૩૬માં રાષ્ટ્રીય અધિવેશનને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી છે. છેલ્લા ૪ વર્ષથી તેઓ પણ અવિરતપણે દાનનો પ્રવાહ વહાવી રહ્યા છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના - સવારના નાસ્તાના દાતાશ્રી



**શ્રી કલ્પનાબેન કિરીટકુમાર દવે**

જન્મતારીખ : ૦૨-૧૦-૧૯૬૧

અભ્યાસ : બી.એસ.સી.

મુળવતન : મહૂધા

રહેવાસી : નડીયાદ

કલ્પનાબેનના શુભ લગ્ન આણંદ સ્થિત કિરીટકુમાર મંગુપ્રસાદ દવે સાથે ૧૯૮૪માં થયેલ. કલ્પનાબેન નાની ઉંમરથી સંયુક્ત કુટુંબની જવાબદારી શોભાવતા હતા. જે વર્ષોપર્યંત નિભાવી રહેલ છે. બાળકોના ઉછેર તેમજ ભણાવવા ગણાવવામાં તેમનો ખૂબ જ મોટો ફાળો છે. જ્ઞાતિ સમાજની સેવા માટે તેમણે તેમના પતિશ્રી કિરીટકુમાર દવેને આગળ કરેલા જેના કારણે કિરીટકુમાર દવે સમાજની સેવાઓ કરી શકે છે. કિરીટકુમાર દવે વર્ષોપર્યંત અંબિકા મીલમાં નોકરી કરતા હતા. ત્યારબાદ તેઓ બાંધકામ તથા ધીરધારનો ધંધો આણંદમાં રહી કરે છે.

પુત્રી - દેવાંશી કૌશલકુમાર દણાંક, (પૌત્રી - ઋત્વા) અમદાવાદ મુકામે વૈવાહિક જીવન વિતાવે છે.

પુત્રી - શિવાંગી જતીનકુમાર ઠાકર, (પૌત્ર - પ્રથમ) વિદ્યાનગર મુકામે વૈવાહિક જીવન વિતાવે છે.

પુત્ર - રૂચીર દવે હાલ બ્રાંન્ચ મેનેજર તરીકે એ.યુ. સ્મોલ ફાઈનાન્સ બેંક નડિયાદ ખાતે ફરજ બજાવે છે. તેના શુભ લગ્ન રિદ્ધી સાથે ૨૦૧૭માં થયેલ છે. તેમની પુત્રી ધન્વી સિનિ. કે. જી.માં ભણે છે. બીજી પુત્રી મિષ્કા ૨ વર્ષની છે.

કલ્પનાબેનને ધાર્મિક તથા નવા નવા સ્થળોએ ફરવાનો - નાટક તથા સિનેમા જોવાનો અને નવી નવી રસોઈ બનાવવાનો શોખ છે.

કિરીટકુમાર દવે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી તથા બાજખેડાવાળ મંડળ આણંદમાં ૧૯૮૮ની સાલથી સેવાઓ આપી અનેક વિવિધ હોદ્દા ભોગવી હાલ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી તથા બાજખેડાવાળ મંડળ આણંદમાં પ્રમુખ તરીકે સેવાઓ આપે છે. ૨૦૦૪થી અવિરતપણે નાસ્તાના સૌજન્યમાં દાન મળે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – સવારના નાસ્તાના દાતાશ્રી



**શ્રી હર્ષાબેન મુકેશકુમાર દવે**

જન્મતારીખ : ૦૬–૦૨–૧૯૬૬

અભ્યાસ : બી.કોમ.

મૂળ વતન : ખંભાત, હાલ – આણંદ

વ્યવસાય : પોસ્ટ ઓફીસ, આણંદ – કલાર્ક

હર્ષાબેન શુભલગ્ન પેટલાદ નિવાસી મુકેશકુમાર કાંતિલાલ દવે સાથે ૧૯૮૭ની સાલમાં થયેલ. તેઓના સંતાનમાં નિશાબેન તથા નેહાબેન બે પુત્રી રત્નો છે. તેઓ શ્રી હાલ આણંદમાં જીવન વિતાવે છે.


નિશાબેનના લગ્ન સચીન જીતેન્દ્રકુમાર દવે સાથે થયેલ છે. તેઓને દેવાંશી નામની પુત્રી છે.

નેહાબેનના લગ્ન ખંજનકુમાર સમીરભાઈ ભટ્ટ સાથે થયેલ છે. તેઓને હવિષા નામની પુત્રી છે.

મુકેશકુમાર કાંતિલાલ દવે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીમાં કારોબારી સભ્ય તરીકે વર્ષોથી સેવા આપે છે. બાજખેડાવાળ મંડળ આણંદમાં ખજાનચી તરીકે સેવાઓ આપે છે.

૮ વર્ષથી અવિરતપણે સૌજન્ય મળે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – ખુરશીનું સૌજન્ય



### શ્રી દેવાંશી કૌશલકુમાર દણાંક

જન્મતારીખ : ૦૯–૦૭–૧૯૮૫
માતા : કલ્પનાબેન કિરીટકુમાર દવે
પિતા : કિરીટકુમાર મંગુપ્રસાદ દવે
અભ્યાસ : બી.એસ.સી., એમ.એસ.સી. (હોમ સાયન્સ)

દેવાંશીબેનના શુભ લગ્ન અમદાવાદ નિવાસી શ્રી કૌશલકુમાર યોગેશકુમાર દણાંક સાથે ૨૦૦૬માં યોજાયેલ. કૌશલકુમાર ઈન્ગરસોલ્ડ રેન્ડ કંપનીમાં અમદાવાદ મુકામે નોકરી કરે છે. તેઓની પુત્રીનું નામ રૂત્વા દણાંક છે. દિકરી રૂત્વા ધોરણ ૧૦માં અભ્યાસ કરે છે. દેવાંશીબેન સફળ ગૃહિણી તરીકે અમદાવાદ મુકામે તેમના પરિવાર સાથે રહે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – સાઉન્ડનું સૌજન્ય



### શ્રી શીવાંગી જતીનકુમાર ઠાકર

જન્મતારીખ : ૧૫–૧૦–૧૯૮૬
માતા : કલ્પનાબેન કિરીટકુમાર દવે
પિતા : કિરીટકુમાર મંગુપ્રસાદ દવે
અભ્યાસ : બી.એસ.સી. (હોમ સાયન્સ)

શીવાંગીબેનના શુભ લગ્ન મૂળ સોજીત્રા હાલ વિદ્યાનગર નિવાસી શ્રી જતીનકુમાર શાંતિલાલ ઠાકર સાથે ૨૦૦૮માં યોજાયેલ. જતીનકુમાર નડિયાદ સ્થિત નોલેજ હાઈસ્કૂલ ખાતે હાયર સેકન્ડરી વિભાગમાં ફિઝિક્સના શિક્ષક તરીકે સેવાઓ આપે છે. વિદ્યાનગર સ્થિત કુટુંબીજનો સાથે જીવન ગુજારે છે. તેઓના પુત્રનું નામ પ્રથમ ઠાકર છે. દિકરો પ્રથમ ધોરણ ૬માં અભ્યાસ કરે છે. શીવાંગીબેન સફળ ગૃહિણી તરીકે વિદ્યાગનગર મુકામે તેમના પરિવાર સાથે રહે છે.

ઉપરોક્ત બંને બહેનોનો છેલ્લા ૧૧ વર્ષથી અવિરતપણે દાન મળે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – મીનરલ વોટરનું સૌજન્ય



### શ્રી રિદ્ધિ રૂચિર દવે

જન્મતારીખ : ૦૩–૧૧–૧૯૯૪

જન્મ સ્થળ : મહેમદાવાદ

અભ્યાસ : બી.બી.એ., એમ.બી.એ. (એચ.આર.)

માતા : પ્રતિમાબેન મહેશભાઈ મહેતા

પિતા : મહેશભાઈ અંબાલાલ મહેતા

સાસુ : કલ્પનાબેન કિરીટકુમાર દવે

સસરા : કિરીટકુમાર મંગુપ્રસાદ દવે

રિદ્ધિબેનના શુભ લગ્ન આણંદ નિવાસી રૂચિર કિરીટકુમાર દવે સાથે ૨૦૧૭માં થયેલ. રૂચિર કિરીટકુમાર દવે એ.યુ. સ્મોલ ફાઈનાન્સ બેન્ક, નડિયાત ખાતે મેનેજર તરીકે નોકરી કરે છે. રિદ્ધિબેનને ધનવી નામની દિકરી છે જે ધોરણ–૧માં અભ્યાસ કરે છે અને તેઓની બીજી દિકરીનું નામ મિષ્કાબેન છે

રિદ્ધિબેન વધુ અભ્યાસ હોવા છતાં સુંદર રીતે કુટુંબ સાથે ગૃહસ્થ જીવન વિતાવે છે.

રિદ્ધિ ખૂબ સુંદર જમવાનું બનાવવાનો, ફરવા જવાનો શોખ ધરાવે છે.

તેઓ દ્વારા છેલ્લા ૮ વર્ષોથી અવિરતપણે સૌજન્ય મળે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – પાસનું સૌજન્ય



### શ્રી રૂચીર કિરીટકુમાર દવે

જન્મતારીખ : ૨૬–૦૭–૧૯૯૩

જન્મ સ્થળ : આણંદ

અભ્યાસ : બી.બી.એ., એમ.બી.એ.

વ્યવસાય : એ.યુ. સ્મોલ ફાઈનાન્સ બેન્ક, મેનેજર, નડિયાદ

માતા : કલ્પનાબેન કિરીટકુમાર દવે

પિતા : કિરીટકુમાર મંગુપ્રાસદ દવે

પત્ની : રિદ્ધિબેન રૂચિર દવે

બાળકો : ધનવી અને મિષ્કા

રૂચીરકુમારને ફરવાનો, નવું નવું જાણવાનો, શોખ છે. સામાજિક પ્રવૃતિમાં રૂચિ ઓછી ધરાવે છે અને પિતાની દરેક પ્રવૃતિમાં મદદરૂપ થવાનો પ્રયત્ન કરે છે.

તેઓ દ્વારા છેલ્લા ૮ વર્ષોથી અવિરતપણે સૌજન્ય મળે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – સ્વાગત સૌજન્ય



## શ્રી તરલ (રાકેશ) મહેન્દ્રપ્રસાદ ભટ્ટ

શ્રી તરલ (રાકેશ) મહેન્દ્રપ્રસાદ ભટ્ટ ખૂબ જ સેવાભાવી કાર્યકર છે.

હાલ તેઓ ટાટા મોટર્સ કંપનીમાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવી રહ્યા છે.

પરિવારમાં પત્ની પ્રિતી ભટ્ટ તેઓના સેવા કાર્યમાં સદાય સહભાગી હોય છે. તેઓની એક દિકરી શ્વેતા સૂરજકુમાર મહેતા હાલ અમદાવાદ મુકામે પોતાના સસુરગૃહે રહે છે અને એમ.એન.સી.કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર સુરજકુમાર અને શ્વેતા ફરજ બજાવે છે.

તરલભાઈ ભટ્ટ વર્ષોથી જ્ઞાતિસમાજના વિવિધ મંડળોમાં સેવાઓ બજાવે છે.

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજમાં પ્રમુખ તરીકેની સેવાઓ આપે છે.

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળમાં ઉપપ્રમુખ તરીકેની સેવાઓ આપે છે.

શ્રી પ્રગતિ યુવક મંડળ દ્વારા આયોજિત જ્ઞાતિ સમાજના બાળકોને સમુહ યજ્ઞોપવિતના કાર્યનું સંપૂર્ણ સંચાલન ઘણા વર્ષોથી કરે છે અને હાલ મંત્રી તરીકેની સેવાઓ આપે છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં કારોબારી સભ્ય તેમજ શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.માં કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપે છે. જ્ઞાતિના અન્ય મંડળોના સેવા કાર્યોમાં પણ તેઓ સદાય તત્પર રહે છે.

૨૦૦૪થી અવિરતપણે સ્વાગત સૌજન્યની સેવા આપે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – ફોટોકૃતિનું સૌજન્ય



### શ્રી અતુલકુમાર નટવરલાલ ડોળિયા

શ્રી અતુલ નટવરલાલ ડોળીયા વતને નરસંડા જન્મ તા. ૧૨–૭–૧૯૬૬ જન્મ સ્થળ ડાકોર મુકામે માતા નિરંજનાબેનની કુખે અને પિતાના નટવરલાલ ડોળિયાના ઘરે થયો હતો.

ત્રણ ભાઈઓમાં અતુલભાઈ બીજા નંબરના સંતાન હતા. અભ્યાસ તેમણે પ્રાથમિક તથા માધ્યમિક અને ટેકનીકલ શિક્ષણ પૂર્ણ કરી તા. ૧–૨–૧૯૮૯માં રેફ્રિજરેશન મિકેનીક તરીકે જી.એસ.પી.સી. કોસંબામાં અને હાલ વડોદરા સી.ઈ.પી. લોજેસ્ટીકમાં ફરજ બજાવે છે. તેમના પરિવારમાં પત્ની અ.સૌ. પલ્લવીબેન બે દિકરીઓ અ.સૌ. અર્પિતાબેન સુજિષકુમાર તથા અ.સૌ. ધ્વનિબેન જૈમિકકુમાર જોષી તથા જૈવિત્ય, રિવાક્ષના નાના થયેલ છે.

ભરૂચ શહેરને પોતાની કર્મભૂમિ બનાવી શ્રી ભરૂચ બાજખેડાવાળ હિતવર્ધક સમિતિમાં કારોબારીમાં જોડાયા અને જ્ઞાતિના હિત ઉપયોગી કાર્યોની શરૂઆત કરી અને ધીરે ધીરે ભરૂચ હિતવર્ધક સમિતિમાં ઉપપ્રમુખ પદ પર પણ કાર્ય કર્યું.

ત્યારબાદ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. અમદાવાદમાં સભ્ય બની કારોબારીમાં પણ સમાજ કાર્ય કરવા તેમજ રાષ્ટ્રીય અધિવેશનમાં પણ સમાજના કાર્યમાં ખભેથી ખભો મીલાવી તેમજ વખતો વખત થતી મેરેજ કોન્ફરન્સમાં પણ એક સનિષ્ઠ કાર્યકર તરીકે ફરજ બજાવી પોતાનું સમાજ માટેનું પ્રામાણિક પણે કર્તવ્ય નિભાવ્યું છે અને હજુ પણ સમાજના કાર્યને પોતાની ફરજ સમજી નિભાવવા સદા તૈયાર છે. છેલ્લા ૧૦ વર્ષોથી સૌજન્ય મળે છે.

જય જય પરશુરામ

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – બેનરનું સૌજન્ય



### શ્રી શૈલેષકુમાર રમણલાલ દવે
### બી.કોમ., એલ.એલ.બી. એડવોકેટ

આપનો જન્મ તારીખ ૦૫–૦૮–૧૯૫૫ના રો પુણ્યસલીલામાં રેવાને કાંઠે ભરૂચમાં ધર્મપરાયણ દંપતિ સુમનબેન તથા રમણલાલને ત્યાં થયો બી.કોમ., એલ.એલ.બી. સુધીનું શિક્ષણ ભરૂચમાં જ પ્રાપ્ત કરી ભરૂચને કર્મસ્થાન બનાવ્યું.

જિલ્લા પંચાયત ભરૂચમાંથી સન –૨૦૧૩માં વયમર્યાદા હેઠળ નિવૃત્ત થયા ફરજ દરમ્યાન કર્મચારી યુનિયનમાં સેક્રેટરી–પ્રમુખપદ તથા કર્મચારી સોસાયટીમાં પ્રમુખપદ પર રહી માર્ગદર્શક તરીકે ચાહના મેળવી.

બાજખેડાવાળ સમાજ ભરૂચના ૩૦ વર્ષોથી કારોબારી સભ્ય તરીકે સક્રિય રહી સેક્રેટરી તેમજ પ્રેસીડન્ટ પદે રહી જ્ઞાતિના વિકાસના કાર્યો કર્યા. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તેમજ શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના કારોબારી સભ્ય તરીકે કાર્યરત છે.

ભરૂચ બાજખેડાવાળ સમાજમાં ટ્રસ્ટી, ધી ભરૂચ જિલ્લા શ્રી પરશુરામ ક્રેડીટ સોસાયટીમાં પ્રેસીડન્ટ, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ભરૂચ જિલ્લામાં સેક્રેટરી અને ટ્રેઝરર તરીકે સેવાઓ આપી બ્રહ્મસમાજ ભરૂચ શહેરમાં સેક્રેટરી તરીકે સેવાઓ આપી એડવાઈઝર તરીકે કાર્યરત છે. બ્રહ્મ સોશિયલ ગ્રૃપ ભરૂચમાં સંગઠનમંત્રી, કિસાન સંઘ ગુજરાતના ઉપપ્રમુખ, પેન્શન મંડળ ભરૂચના કારોબારી સભ્ય છે.

આર.સી.સી. ભરૂચમાં ટ્રેઝરર, જોઈન્ટ સેક્રેટરી, સેક્રેટરી તરીકે સેવાઓ આપી પ્રેસીડન્ટ તરીકે નિયુક્ત થયા છે. જાયન્ટ ઓફ ભરૂચના સભ્ય તરીકે કાર્યરત છે.

આપે વિવિધ સંસ્થાઓમાં ઉચ્ચપદ ઉપર રહીને સમાજ ઉપયોગી, કલ્યાણકારી કાર્યો દ્વારા લોકચાહના મેળવી સમાજ ઉપયોગી આપની ગૌરવશાળી સેવાભાવનાએ આપના વ્યક્તિત્વનું જમા પાસુ છે.

છેલ્લા ૧૦ વર્ષોથી અવિરતપણે સૌજન્ય મળે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – અતિથિ વિશેષશ્રી



### શ્રી ધવલકુમાર નવીનચંદ્ર ત્રિવેદી

જન્મતારીખ : ૩૦–૦૮–૧૯૭૬

મૂળ વતન : સલુણ

અભ્યાસ : બી.એ., એલ.એલ.બી.

ધવલકુમાર નવીનચંદ્ર ત્રિવેદીનો જન્મ સલુણ મુકામે થયેલ. વર્ષોપર્યંત નડીયાદ મુકામે સ્થાયી થયેલ છે. સ્વભાવે સરળ હોવાને કારણે તેઓને નડીયાદ જીલ્લામાં તથા આણંદ જિલ્લામાં ખુબ જ નામના મેળવેલ છે.

ધવલભાઈના લગ્નમાં ૧૯૯૯ની સાલમાં મિતાબેન સાથે થયેલ. સંતાનમાં તેઓ બે પુત્રો ધરાવે છે. મોટો આયુષ – દિકરો બી.ઈ. ઈલેક્ટ્રીક ઉચ્ચ અભ્યાસ માટે કેનેડા ગયેલ છે. હાલ કેનેડામાં વર્ક પરમીટ પર છે. નાનો પુત્ર હેમ ધો–૧૦માં અભ્યાસ કરે છે.

ધવલભાઈ ત્રિવેદી – શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં કારોબારીના સભ્ય, બાજખેડાવાળ સમાજ નડિયાદમાં કારોબારી સભ્ય તથા ઘણા બધા હોદ્દાઓ પર સેવાઓ આપેલ છે. બાજખેડાવાળ સમાજ સંચાલિત કો–ઓપરેટીવ કન્ઝયુમર સ્ટોરમાં પણ સેવાઓ આપેલ છે. બ્રહ્મ સમાજ તથા ભારતીય જનતા પાર્ટીમાં પણ તેઓ સક્રીય છે. વકીલ મંડળોમાં પણ તેઓ સક્રિય છે.

છેલ્લા ૯ વર્ષથી તેઓ દ્વારા સંસ્થાને અવિરતપણે દાન મળે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – અતિથિ વિશેષશ્રી




## શ્રી છાયાબેન દવે (મુંબઈ)

શ્રી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજ એટલે સમગ્ર મુંબઈ જ્ઞાતિ સમાજ કહી શકાય. શ્રી છાયાબેનના સસરા સ્વ. શ્રી વિષ્ણુભાઈ ભીમભાઈ દવે એ બાજખેડાવાળ જ્ઞાતિ સમાજનું એક સામાજિક અને સમૃદ્ધ વ્યક્તિત્વ ગણાતું મુંબઈમાં બાજખેડાવાળ સમાજને એકત્રિત અને જીવંત રાખનાર છાયાબેનના કુટુંબીજનોની સામાજીક પ્રવૃત્તિઓમાંથી છાયાબેનને સામાજિક કાર્યની પ્રેરણા મળી તે પ્રેરણાને છાયાબેને જીવંત રાખી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજનું નેતૃત્વ સ્વીકારી મુંબઈ ખાતે વર્ષોથી પોતાની સેવાઓ આપે છે. તે જ રીતે જ્ઞાતિના અન્ય મંડળો જેવા કે અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના સભ્ય તરીકે સેવાઓ આપે છે. શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.ના સભ્ય તરીકે સેવાઓ આપે છે. આજે બોરીવલ્લી સમાજમાં વાર તહેવારે કાર્યક્રમો દ્વારા ભારતની આર્થિક નગરી ગણાતા મુંબઈમાં વસતા જ્ઞાતિજનોને એકત્રિત કરી જ્ઞાતિજનોમાં એકતાને જીવંત રાખવાનું કાર્ય કરી રહેલ છે. તેઓ તેમના તરફથી શક્ય તેટલું યોગદાન જ્ઞાતિસમાજના વિવિધ મંડળોને આપતા રહ્યા છે. ગમે તે સ્થળે અધિવેશન હોય કે સંમેલન, ધાર્મિક કાર્ય હોય કે સામાજિક કાર્ય, છાયાબેનની હાજરી અચુક જોવા મળે આવા ઉત્સાહી છાયાબેન હાલ મુંબઈના બોરીવલ્લીમાં વસવાટ કરે છે.

શ્રી છાયાબેન તરફથી વર્ષ ૨૦૦૪થી રૂ. ૧૧૦૦૦/–ની આર્થિક મદદ મળે છે અને વિશેષતા તે છે કે દરેક અધિવેશનમાં પ્રત્યક્ષ હાજરી આપે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના - અતિથિ વિશેષશ્રી



## શ્રી કિરણકુમાર રતિલાલ પંડ્યા

પ્લોટ નં. ૩૫૯/૧, સેક્ટર-૫-એ, ગાંધીનગર-૩૮૨૦૦૬.

કિરણકુમાર આર. પંડ્યા, મૂળવતન-ઉમરેઠ, કેશવરાયજીનો ખાંચો, તુળજા માતા પાસે પરંતુ હાલમાં તેઓ ગાંધીનગર સ્થાયી થયેલ છે. તેમનો જન્મ તા. ૨૦-૯-૧૯૫૪ના રોજ ભરૂચ મુકામે મોસાળમાં શ્રી રતિલાલ ઠાકરને ત્યાં થયો હતો. તેઓનું બાળપણ રાધનપુર અને ત્યારબાદ મહુધા પાસે ૧૫૦૦ની વસ્તી ધરાવતા નાની ખડોલ ગામમાં પસાર થયેલું. મેટ્રીક સુધીનો અભ્યાસ નાની ખડોલ ગામમાં પૂર્ણ કર્યા બાદ પ્રિ-સાયન્સ અને બી.ઈ. (સીવીલ)નો અભ્યાસ વલ્લભવિદ્યાનગર બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં જ્ઞાતિના છાત્રાલયમાં રહી મોસાળ પક્ષની હૂંફ સાથે સને ૧૯૭૧ થી ૧૯૭૭ દરમ્યાન પૂર્ણ કરેલ.

તેમના પિતાશ્રી સ્વ. શ્રી રતિલાલ સોમેશ્વર પંડ્યા નાની ખડોલ ગામની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સેવા આપી સને ૧૯૮૫માં નિવૃત્ત થયેલ. ટૂંકી આવક હોવાથી શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીમાંથી લોન મેળવી બે પુત્રો તથા બે પુત્રીઓને ઉચ્ચ શિક્ષણ આપેલ. તેમના માતૃશ્રી સ્વ. હસુબેન સાદગીપૂર્ણ જીવન જીવનાર અને ધાર્મિક હતા.

કિરણભાઈ પંડ્યાએ અભ્યાસપૂર્ણ કરી ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગમાં મદદનીશ ઈજનેર તરીકે નોકરી ચાલુ કરેલ. ગાંધીનગર, ધાનેરા, મોડાસા, ઈડર તથા અમદાવાદ જેવા વિવિધ સ્થળોએ ફરજ બજાવી છેલ્લે કાર્યપાલક ઈજનેર તરીકે તા. ૩૦-૦૯-૨૦૧૨ના રોજ અમદાવાદથી નિવૃત્ત થયેલ. તેમના લગ્ન સુરતના શ્રી શશીકાંત જે. પંડ્યા અને અ.સૌ. વિદ્યાબેનની જયેષ્ઠ પુત્રી મિતા સાથે ૧૯૮૦માં થયા હતા. ૪૪ વર્ષના સુખમય દાંપત્ય જીવનમાં તેઓના બે સંતાનોમાં મોટા પુત્ર ચિ. પાર્થ બી.ઈ. (સીવીલ) હાલમાં ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં પુત્રવધુ અ.સૌ. ફોરમ (અમદાવાદ) અને લાડલી પૌત્રી ચિ. નિવા (૧૫ વર્ષ) અને પૌત્ર ચિ. ધનુષ (૭ વર્ષ) સાથે સ્થાયી થયેલ છે. નાના પુત્ર ચિ. જગત બી.ઈ. (કમ્પ્યૂટર) થઈ અમદાવાદમાં સીગ્નેક્સ ડેટા મેટ્રીક્સમાં નોકરી કર્યા બાદ જાન્યુઆરી, ૨૦૧૫થી એચ-૧ વિઝા પર અમેરિકામાં પુત્રવધુ અ.સૌ. અવની (વિદ્યાનગર) તથા પૌત્ર ચિ. દિવમ્ (૧૨ વર્ષ) તથા ચિ. આરીત (૯ વર્ષ) સાથે પેન્સીલવેનીયામાં સ્થાયી થયેલ છે.

કિરણભાઈ પંડ્યા હાલમાં ગાંધીનગર બાજખેડાવાળ મંડળના પ્રમુખ તરીકે સને ૨૦૧૦-૧૧થી સેવા આપે છે અને અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીના કારોબારી સભ્ય છે. સળંગ નવમાં વર્ષે તેઓએ રૂ. ૧૧,૦૦૦/- ૩૬માં રાષ્ટ્રીય અધિવેશનમાં અતિથિ વિશેષ તરીકે આપેલ છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – અતિથિ વિશેષશ્રી



### શ્રી હરસુતાબેન જયેન્દ્રકુમાર દણાક

જન્મતારીખ : ૨૪–૧૦–૧૯૫૩

વતન : આણંદ

અભ્યાસ : BA, MA, with Lib. Sc. (લાયબ્રેરી સાયન્સ)

હરસુતાબેનના લગ્ન ૧૯૭૭ની સાલમાં મુળ–મહુધાના વતની જયેન્દ્રકુમાર શીવપ્રસાદ દણાક સાથે અમદાવાદ મુકામે થયેલ. હરસુતાબેને N.D.D.B. આણંદ ખાતે અંબિકા મીલ અમદાવાદ ખાતે લાઈબ્રેરીયન તરીકે નોકરી કરેલ છે. હાલ તેઓ અમદાવાદ ખાતે નિવૃત્ત જીવન વિતાવે છે.

પુત્ર : ખંજન ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેંક – નડીયાદ ખાતે બ્રાન્ચ મેનેજર તરીકે તથા નડીયાદ – આણંદ બોરસદ – વિદ્યાનગર બ્રાન્ચના કલસ્ટર હેડ તરીકે ફરજ બજાવે છે. તેઓના લગ્ન જયનાબેન સાથે થયેલ છે. તેમને કિર્તન નામનો પુત્ર છે.

પુત્રી : નિરલ નિલેશકુમાર ડોળીયા, અમદાવાદ મુકામે રહે છે. તેમનો પુત્ર કાર્તિક મીકેનીકલ એન્જીનીયર થયેલ છે.

હરસુતાબેનને ભજન–કિર્તન તથા ધાર્મિક સ્થળોએ ફરવાનો શોખ છે.

જયેન્દ્રકુમાર નૂતન મીલમાં વર્ષોપર્યંત નોકરી કર્યા બાદ પોતાનો શેરબજારનો તથા સ્ટોક એક્ષચેન્જનું કામ કરતા હતા તેઓશ્રી પોસ્ટ એફ.ડી. તેમજ અન્ય કંપનીઓની ડિપીઝીટો સાથે સંકળાયેલા હતા હાલ નિવૃત્ત જીવન કુટુંબ સાથે અમદાવાદમાં વિતાવે છે.

છેલ્લા ૫ વર્ષોથી અવિરતપણે સૌજન્ય મળે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – અતિથિ વિશેષશ્રી



### શ્રી પ્રિતીબેન સુધીરકુમાર મહેતા

જન્મતારીખ : ૨૫–૦૪–૧૯૭૨

અભ્યાસ : એમ.કોમ.

મૂળવતન : ઉમરેઠ

હાલ : ગાંધીનગર

પ્રિતીબેનના શુભ લગ્ન નડીયાદ નિવાસી સુધીરકુમાર સુરેશચંદ્ર મહેતા સાથે ૧૯૯૬માં થયેલ. સુધીરકુમાર મહેતા એલ.આઈ.સી.માં અનેકવિદ પદો પર નોકરી કરી હાલ રાજકોટ ખાતે આસી. ડીવીઝનલ મેનેજર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓના સુપુત્ર ચિ. હર્ષિલ એમ.બી.બી.એસ. પાસ થયેલ છે. હાલ એમ.ડી.નો અભ્યાસ કરી રહ્યા છે. તેઓશ્રી હાલ ડી.ડી. દેસાઈ ઈન્સ્ટીટ્યુટમાં ડૉક્ટર તરીકે સેવાઓ આપી રહ્યા છે.

પ્રિતીબેનને ભજનો ગાવાનો, ભજનો લખવાનો, ઘર શુશોભીત કરવાનો શોખ છે. હાલ તેઓ રાજકોટમાં કુટુંબ સાથે રહે છે.

છેલ્લા પાંચ વર્ષથી સંસ્થાને અવિરતપણે દાન મળે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – અતિથિ વિશેષશ્રી



### શ્રી ઝીલ પ્રણવ જોષી

ઝીલ શબ્દમાં જ ચંચળતા અને આનંદની લહેર સમાયેલ છે. આમાં આ શબ્દને જ ચરીતાથ કરતી બા હેમાબેનની ઈચ્છા સ્વરૂપ માતા દિગ્નાના ખોળે ઝીલનો જન્મ સને ૨૦૦૬માં થયેલ. જન્મથી જ બાની છત્રછાયા અને મમતાના બંધનોમાં સંયુક્ત પરીવારમાં ઉછેર થયો. માતા અને પિતા બંન્ને વકીલાત અને સમાજમાં વ્યસ્ત હોય તો પણ શીખ અને સંસ્કારનું ભાથુ લઈ અને ૧૨ સાયન્સ સુધીનો અભ્યાસ નડીયાદ મુકામે પુરો કરી અને વાઘોડીયા પારૂલ યુનિવર્સીટીમાં ડોક્ટર ઈન ફાર્મસીમાં પ્રવેશ મેળવી અને હાલ અભ્યાસ કરી રહેલ છે. ડાન્સ અને નૃત્યુમાં વિશેષ રસ ધરાવે છે. આ સાથે સાથે કથ્થક નૃત્યમાં અંતિમ વર્ષમાં અભ્યાસ ચાલુ છે. ગુજરાત સરકાર શ્રી દ્વારા યોગ ટ્રેનર તરીકે નિમણૂંક પામેલ છે.

ઝીલને નાના બાળકો બહુ જ ગમે છે. તેઓ સ્વભાવે મીલનસાર અને બહુમુખી વ્યક્તીત્વ ધરાવે છે. પિતાની વ્યસ્તતમાં સતત તેમની કેર રાખવી અને નાના ભાઈ ચિ. ધ્યાનના અભ્યાસ અને તેની પ્રવૃત્તિમાં સતત મોનીટરીંગ કરી અને મોટી બહેન કરતા માતા તરીકેની તમામ જવાબદારીઓ અદા કરે છે.

ધાર્મિક પ્રવાસ અને યાત્રાઓ કરવી બહુ જ ગમે છે. નાની ઉંમરે અગિયાર જ્યોતિર્લીંગ અને ત્રણ ધામની યાત્રા પૂરી કરે છે. ભગવાન શ્રીકૃષ્ણમાં અનેરી આસ્થા અને શ્રદ્ધા ધરાવે છે.

ઝીલના માતા–પિતા સાથે મળી અને સને ૨૦૧૮થી ગાંધીનગર–મુંબઈ તથા ચેન્નાઈ, મધ્ય ક્ષેત્રીય બાજખેડાવાળ, રાજસ્થાન બાજખેડાવાળ સમાજ, ઉત્તર ક્ષેત્રીય બાજખેડાવાળ સમાજ, સૌરાષ્ટ્ર બાજખેડાવાળ સમાજ વિગેરેમાં વિભક્ત આપણા સમાજમાં બેટી વ્યવહાર શરૂ થાય તો સમયાંતરે એક સમાજ બને તેમજ દરેકને સુપાત્ર મળે તેવી શુભ ભાવનાથી આ કુલ ૬ ગ્રુપ બનાવેલ છે. જેમાં યુવક–યુવતીના બાયોડેટા અપલોડ કરવામાં આવે છે. સેવાની જ્યોત થકી સતત સમાજમાં પ્રકાશ પથરાતો રહે તેવી મનોકામના સાથે સેવા જ પરમ ધર્મ માને છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – અતિથિ વિશેષશ્રી



## શ્રી મુકેશકુમાર કાંતિલાલ દવે

જન્મતારીખ : ૦૬–૧૦–૧૯૬૧

અભ્યાસ : બી.એસ.સી.

મૂળ વતન : ઉમરેઠ, હાલ – આણંદ

વ્યવસાય : એગમાર્ગ કેમીસ્ટ, ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા લાંબો સમય અમૂલ ડેરીમાં સેવા આપી હાલ નિવૃત

મુકેશકુમારના શુભલગ્ન ખંભાત નિવાસી હર્ષાબેન રામનારાયણ ત્રિવેદી સાથે સાથે ૧૯૮૭ની સાલમાં થયેલ. તેઓના સંતાનમાં નિશાબેન તથા નેહાબેન બે પુત્રી રત્નો છે. તેઓ શ્રી હાલ આણંદમાં જીવન વિતાવે છે.


નિશાબેનના લગ્ન સચીન જીતેન્દ્રકુમાર દવે સાથે થયેલ છે. તેઓને દેવાંશી નામની પુત્રી છે.

નેહાબેનના લગ્ન ખંજનકુમાર સમીરભાઈ ભટ્ટ સાથે થયેલ છે. તેઓને હવિષા નામની પુત્રી છે.

મુકેશકુમાર કાંતિલાલ દવે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટી તરીકે, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.– સહમંત્રી તરીકે, બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીમાં સહમંત્રી તરીકે વર્ષોથી સેવા આપે છે. બાજખેડાવાળ મંડળ આણંદમાં ખજાનચી તરીકે સેવાઓ આપે છે.

અત્યાર સુધીમાં ૫ વખત સંસ્થાને દાન મળેલ છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – અતિથિ વિશેષશ્રી



### શ્રી વાસુદેવપ્રસાદ કૃષ્ણપ્રસાદ શુકલ

વાસુદેવપ્રસાદ કૃષ્ણપ્રસાદ શુકલ મૂળ વતન આણંદ ગામ. જન્મ તા. ૭–૯–૧૯૪૮ના રોજ મધ્યમ વર્ગીય કુટુમ્બમાં થયેલ પિતાશ્રી આયુર્વેદિક ડોક્ટર હતા. માતૃશ્રી કમળાલક્ષ્મી શાંત સૌમ્ય સ્વભાવના હતા. નોકરી અર્થે દાદાજી અમદાવાદ ખાતે સ્થાઈ થયા. પાંચ ભાઈ અને ત્રણ બહેનોનો પરિવાર પિતાશ્રીનો જીવનમંત્ર “ભણવામાં કોઈનો ભાગ નહિ.” તેવા મંત્ર સાથે ભાઈઓ તથા બહેનો ભણતર પામીને સારી નોકરી મેળવી અને સંસારમાં સ્થાઈ થયા.

વાસુદેવપ્રસાદ M.Sc. Petroelecnical Sub. ભણતર પૂર્ણ કરી વડોદરા મુકામે G.S.F.C. માં જોડાયા. ૧૯૭૧ નવનીતરાય મુ. જોશીની દિકરી રક્ષા સાથે પ્રભુતામાં પગલા પાડ્યા. ૧૯૭૫માં ૩૯ વર્ષની લાંબી કારકિર્દી સંપૂર્ણ કરી યુ.એસ.એ. દિકરી વૈશાલી ભટ્ટ સાથે નિવૃતિ જીવન જીવે છે.

હાલ દિકરી કેતા સમીર ઠાકર, વૈશાલી નિશાંત ભટ્ટ, ખ્યાતી આશિષ રસ્તોગી પૈકી બે દિકરીઓ Indian Army સાથે સંકળાયેલી છે.

પૌત્રી આસ્થા સમીર ઠાકર પણ Indian Army માં ઓફિસર તરીકે દાખલ થઈ.

ટૂંકમાં સામાન્ય પરિવાર ભગવાન ઉપર શ્રદ્ધા રાખીને આનંદ અનુભવે છે.

**સમીર કે. ઠાકર (કર્નલ આર્મી)**
**કેતા સમીર ઠાકર**
**નિશાંત એ. ભટ્ટ (યુ.એસ.એ.)**
**વૈશાલી નિશાંત ભટ્ટ (યુ.એસ.એ.)**
**આશિષ રસ્તોગી (ઈન્ડિયન એરફોર્સ વીંગ કમાન્ડર)**
**ખ્યાતિ આશિષ રસ્તોગી**
**(મો.) ૯૮૨૪૯૯૨૦૮૫**

**વાસુદેવ કે. શુકલ**
**સ્વ. રક્ષા વાસુદવ શુકલ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – અતિથિ વિશેષશ્રી



### શ્રી અંજનાબેન અશ્વિનભાઈ ભટ્ટ

શ્રી અંજનાબેનનો જન્મ મૂળ ઉમરેઠના એવા પિતાશ્રી ઓચ્છવલાલ પંડ્યા અને માતાશ્રી કાન્તાબેનના પરિવારમાં તા. ૧૧–૦૬–૧૯૫૦ને રોજ થયો છે. તેઓએ પોતાના જીવનના હાલ રજત વર્ષ (૭૫ વર્ષ) પૂર્ણ કરી સુખદ જીવન જીવી રહ્યા છે. ખૂબ જ મર્યાદિત સુવિધા હોવા છતાં પણ અભ્યાસમાં ખૂબ હોશિયાર હોવાથી અંજનાબેન ડીપ્લોમાં સેક્રેટરીઅલ પ્રેકટીસનો અભ્યાસ ગર્વમેંન્ટ ગર્લ્સ પોલિટેકનિક, અમદાવાદથી કરેલ છે તેઓએ પોતાના અભ્યાસ જૂન, ૧૯૬૯માં પૂર્ણ કરેલ.

અંજનાબેન જૂન ૧૯૭૦થી ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ તેમજ ગુજરાતના પાટનગર એવા ગાંધીનગરમાં જુનીયર કલાર્ક તરીકે પોતાની વ્યવસાયીક કારકિર્દી શરૂ કરી. ઓકટોબર ૧૯૯૮માં અંજનાબેન વ્યવસાયીક કારકિર્દીના ૨૮ વર્ષની પૂર્ણકાલિન નોકરી કરી સેસન્સ કોર્ટના ડેપ્યુ. રજીસ્ટર્ડની પોસ્ટ પરથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. તેઓશ્રીને સંપૂર્ણ નોકરી કોઈપણ પ્રકારના અવરોધ વગર પૂર્ણ કરવા બદલ સેવા નિવૃત્તિ બાદ ગુજરાત હાઈકોર્ટના જજશ્રીના હસ્તે તેઓને શાલ ઓઢાડી અને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ. આવી ઉજણી કારકિર્દી અને નિવૃત્તિ બાદ હાલ તેઓ પોતાની સેવા નિવૃતિ માણી રહેલ છે.

મે ૧૯૭૭માં અંજનાબેન પંડ્યા ઉમરેઠના વતની ભક્તિપ્રસાદ રાજારામ ભટ્ટ અને મૃદુલાબેનના દિકરા અશ્વિનભાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાયા. અશ્વિનભાઈ રેલ્વેમાં ચીફ બુકિંગ કલાર્ક હતા તેઓએ બીમારીને કારણે એક વર્ષ વહેલી નવેમ્બર–૨૦૦૮માં સ્વૈચ્છિક સેવા નિવૃત્તિ લઈ લીધી હતી. વર્ષ ૨૦૧૫માં કીડનીની બિમારીથી અશ્વિનભાઈનું દેહાવસાન થયેલ.

અંજનાબેન અને અશ્વિનભાઈ લગ્નજીવના ફળસ્વરૂપ બે દીકરીઓ જયનીષા અને પ્રકૃતિ છે. તેઓ બંને પરણિત છે. દિકરી જયનીષાના પતિ કાર્તિકકુમાર દવે એચ.ડી.એફ.સી. બેન્કમાં વડોદરા ખાતે બ્રાન્ચ મેનેજરની ફરજ બજાવી રહ્યા છે. જ્યારે દિકરો નિહાર હાલ બીબીએનો અભ્યાસ એમ.એસ. યુનિ.માં પૂર્ણ કરી માસ્ટર ડીગ્રી માટે ઓસ્ટ્રેલિયા ગયેલ છે. બીજી દિકરી પ્રકૃતિના પતિ ચિરાગકુમાર દવે ગાલા ઈન્ફ્રાસ્ટ્રકચરમાં લીગલ એકઝીક્યુટીવ તરીકે ફરજ બજાવી રહ્યા છે. જ્યારે તેમનો દીકરો હર્ષિલ ધો. ૯માં અભ્યાસ કરે છે.

અંજનાબેને ૨૦૧૫માં પતિના અવસાન બાદ પોતાની સામાજિક જવાબદારીઓ નિભાવવાની સાથે સાથે અખિલ વિશ્વ ગાયત્રી પરિવારમાં જોડાઈ ગાયત્રી પરિવારની યજ્ઞ તેમજ મનુષ્ય જીવનના સોળ સંસ્કારો પૈકી અંતિમ સંસ્કાર સિવાના બધા સંસ્કાર યજ્ઞના માધ્યમથી કરાવવાને જ પોતાની મુખ્ય પ્રવૃત્તિ બનાવી દીધી અને હાલ તેઓ પોતાની આ પ્રવૃત્તિથી બહુ બધા પરિવારમાં સંસ્કાર સિંચનનું કાર્ય નિરંતર કરી રહ્યા છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના - અતિથિ વિશેષશ્રી



## શ્રી પલ્લવી ભાવેશ પંડ્યા

શ્રીમતી પલ્લવી ભાવેશ પંડ્યાનો જન્મ સાક્ષરનગરી નડિયાદમાં તા. ૧૪ સપ્ટેમ્બર ૧૯૭૯ના રોજ વિજયભાઈ અને બીનાબેનને ત્યાં થયો. પ્રાથમિક શિક્ષણ નડીયાદ અને ત્યારબાદ માધ્યમિક અને બી.કોમ. સુધીનો અભ્યાસ અમદાવાદમાં કરેલ. તેઓશ્રીના બે ભાઈઓ છે. તેમના પરિવારમાં તેઓ જયેષ્ઠ સંતાન તરીકે ઉછરેલા છે. કાકા-કાકી, મામા-મામી, માસા-માસી અને પિયર પક્ષનો સમગ્ર પરિવાર અમદાવાદમાં જ રહેતો હોવાથી સદાય તેઓની સંગાથે રહી "વસુધૈવ કુટુમ્બકમ"ની ભાવનાના સંસ્કારો બાળપણથી જ મળેલ છે.

૨૦૦૧માં મૂળ ઉમરેઠ હાલ અમદાવાદ નિવાસી ભૂપેન્દ્રભાઈ તથા લતાબેનના પુત્ર ભાવેશ પંડ્યા સાથે લગ્નગ્રંથિથી જોડાયા. નોકરી, ઘરકામ, કૌટુંબીક જવાબદારી સાથે દાંપત્ય જીવન શરૂ કર્યું. દાંપત્યજીવન દરમ્યાન એક પુત્રી અને એક પુત્ર સંતાન રત્ન તરીકે પ્રાપ્ત થયા. જે પૈકી દિકરી ઝરણાં હાલ ઉચ્ચ અભ્યાસ માટે કેનેડા ગયેલ છે. અને દિકરો મોક્ષાર્થ ધોરણ-૧૨માં અભ્યાસ કરી પોતાની કારકિર્દી ઘડી રહેલ છે.

નોકરી, કૌટુંબિક જવાબદારી, સાસરીના અને પીયેરના સંબંધોને સુપેરે જાળવી તમામ સગા-સંબંધીઓ અને મિત્રવર્તુળ સાથે સ્નેહ ભર્યું વર્તન રાખી સૌના પ્રિય બન્યા.

ભાવેશભાઈ અમદાવાદ ખાતે શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજમાં સહમંત્રી અને જ્ઞાતિસમાજની વિવિધ સંસ્થાઓમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ છે. પલ્લવીબેન આ તમામ સેવાકીય પ્રવૃત્તિઓમાં સદાય તેમના એક સાચા સાથી બની રહ્યા છે.

ભાવેશભાઈ હાલ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના અમદાવાદ સ્થિત કાર્યાલયમાં મેનેજર તરીકે ફરજ નિભાવે છે સાથે સાથે તેમનો પ્રિન્ટીંગ અને ઈવેન્ટ મેનેજમેન્ટનો વ્યવસાય પણ સંભાળે છે. પલ્લવીબેન હાલ એક સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલમાં એડમીન તરીકે ફરજ બજાવે છે. સમાજ દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિમાં તેઓનો પરિવાર સદાય સહભાગી હોય છે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ૩૬માં રાષ્ટ્રીય અધિવેશનની સફળતાની શુભકામના અને જ્ઞાતિ સદાય ઉત્તરોત્તર પ્રગતિના શિખરે સર કરે તેવી મહાદેવજીને પ્રાર્થના.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન અંબાજીના – દાતાશ્રી



### શ્રી હસમુખલાલ વસંતરામ મહેતા

હસમુખલાલ વસંતરામ મહેતાનો જન્મ તારીખ ૦૪–૦૯–૧૯૨૭ના રોજ ખેડા જીલ્લાના ઠાસરા મુકામે મુળ માતરના શ્રી વસંતરામ ભાઈશંકર મહેતા અને શ્રીમતી પાર્વતીબેન વસંતરામ મહેતાને ત્યાં થયો હતો.

તેમણે આણંદ સ્થિત શારદા હાઈસ્કુલ (ધો. ૧–૩) તેમજ ડી.એન. હાઈસ્કુલ ખાતે એસ.એસ.સી. સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલો.

ત્યારબાદ ૦૧–૦૧–૧૯૪૭ના રોજ તેઓ તેમના ભાભી ને ચેન્નાઈ (મદ્રાસ) પોતાના ભાઈ પાસે મુકવા ગયેલા અને ત્યાં ચશ્માની દુકાનમાં નોકરીએ લાગેલા તા. ૨૬–૦૨–૧૯૪૮ના રોજ એમને ડાકોરના રહેવાસી સ્વ. શ્રી વસંતલાલ ચુનીલાલ દવે અને શાંતાબેન વસંતલાલ દવેની સુપુત્રી અ.સૌ. આનંદગૌરી સાથે પોતાના સાંસારિક જીવનનો પ્રારંભ કરેલો.

શ્રી હસમુખભાઈ તેમજ શ્રીમતી આનંદગૌરીનાં સંતાનોમાં (૧) કલ્પનાબેન અશ્વીનભાઈ દવે, (૨) દિનેશ હસમુખલાલ મહેતા, (૩) જ્યોતી ઉન્મેશકુમાર મહેતા અને (૪) ડૉ. હિતેષ હસમુખલાલ મહેતાનો સમાવેશ થાય છે.

તેમણે ૧૯૫૬માં કલ્પના ઓપ્ટિકલ સ્ટોરના નામે મદ્રાસ મુકામે પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરેલો, જે સને ૧૯૯૪માં એમના મોટા દિકરા દિનેશભાઈ મહેતાને હસ્તે સોંપીને નિવૃત જીવનની શરૂઆત કરી હતી.

સને ૨૦૦૨માં તેમની સલાહથી નડિયાદમાં પણ કૃપા ઓપ્ટિકલસના નામે દિનેશભાઈએ વ્યવસાય શરૂ કરેલ છે જે હાલ તેમના નાના દિકરા શ્રી સમીર દિનેશભાઈ મહેતા ચલાવે છે.

સને ૨૦૦૭માં શ્રી હસમુખભાઈ તેમના ધર્મપત્ની સાથે નડિયાદ મુકામે વસવાટ કરવા લાગ્યા. તેઓનો સ્વભાવ બહુ સાદગી ભરેલો હતો તેમજ સાત્વીક જીવવામાં માનતા હતા. તેમણે તેમના જીવનકાળ દરમ્યાન અનેક નાની મોટી સંસ્થાઓમાં યથાશક્તિ સેવા આપી હતી.

શ્રી હસમુખભાઈ એ તા. ૨૮–૮–૨૦૨૨ના રોજ ૯૫ વર્ષે તેમની જીવનલીલા સંકેલી લીધી હતી.

# શ્રીમતી કમળાબેન જમીયતરામ પંડ્યા તથા
# શ્રી જમીયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડ

(શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત) શ્રી પ્રાણશંકરભાઈ હોલ,
પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

તા. ૧૫–૧૧–૨૫ થી ઉપરોક્ત ટ્રસ્ટના ફોર્મ વિતરણ કરવામાં આવનાર છે. શૈક્ષણિક ટ્રસ્ટ ફંડમાંથી સ્કોલરશીપ મેળવવા માટેના આવેદનપત્રોની સમયમર્યાદા તા. ૧–૧૨–૨૦૨૫ થી ૩૧–૧૨–૨૦૨૫ છે. જેની નોંધ લેવા વિનંતી છે. આ અંગેની વિગતવાર માહિતી નીચ મુજબ છે. નવા ફોર્મમાં અરજી કરવી.

જ્ઞાતિજનોના સંતાનોની શૈક્ષણિક કારકિર્દી માટે આર્થિક સહાય યોજનાલક્ષી માહિતી શ્રીમતી કમળાબેન જમીયતરામ પંડ્યા તથા  જમીયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડ ખાસ નર્સિંગ કોર્ષ માટે ઉપરોક્ત ટ્રસ્ટ ફંડમાં નર્સિંગનો કોર્ષ ઉમેરવામાં આવેલ છે તો જે વિદ્યાર્થીઓ નર્સિંગમાં અભ્યાસ કરતા હોય અને જણાવેલ આવકના ધારાધોરણમાં આવતા હોય તેઓએ અચૂક આ ફોર્મ મેળવી લેવા. ઉપરાંત ઉપરોક્ત ફાઉન્ડેશનમાંથી નીચે જણાવેલ ડીગ્રી–ડિપ્લોમાં તેમજ વ્યાવસાયિક કોર્સમાં અભ્યાસ કરતા માત્ર અમદાવાદમાં જ રહેતા જ્ઞાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. આ માટે વિદ્યાર્થીના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂ. ૩,૦૦,૦૦૦/– થી ઓછી હોવી જોઈએ. તેમજ વિદ્યાર્થીએ ડીપ્લોમાં કોર્સ અને ડીગ્રી કોર્સ અને ડીગ્રી કોર્સ માટે ધો.૧૦માં, ધો. ૧૨માં તથા અનુસ્નાતક કોર્સ માટે સ્નાતકની પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૫% માર્ક્સ મેળવેલ હોવા જોઈએ. આ અંગે શ્રી પ્રાણશંકરભાઈ હોલ ઉપરથી નવા છાપેલા અરજીપત્રક મેળવી જરૂરી વિગતો સાથે તા. ૩૧–૧૨–૨૦૨૫ સુધીમાં મંડળની ઓફિસે મોકલી આપવાનાં રહેશે. અધૂરી વિગતોવાળા અરજી નામંજૂર કરવામાં આવશે.

(૧) ઈન્ફર્મેશન ટેકનોલોજી (૨) એન્વાયરમેન્ટ ટેકનોલોજી (૩) વોટર મેનેજમેન્ટ (૪)  કોમ્પ્યુટર એપ્લી. સાયન્સ (૫) ટેક્ષટાઈલ ટેકનોલોજી (૬) મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ, સીવીલ એન્જીનીયરીંર્સ (૭) ફાઉન્ડ્રી ટેકનોલોજી (૮) કેમિકલ ટેકનોલોજી (૯) ઈલેક્ટ્રોનિક્સ ઇન્સ્ટ્રુમેન્ટેશન (૧૦) પ્લાસ્ટિક એન્જીનીયરીંગ (૧૧) ઓટો મોબાઈલ એન્જીનીયરીંગ (૧૨) પ્રિન્ટીંગ ટેકનોલોજી (૧૩) હોટલ મેનેજમેન્ટ (૧૪) નર્સિંગ એન્ડ મીડવાઈફ આ ઉપરાંત અન્ય ટેકનીકલ કે વ્યાવસાયિક અભ્યાસક્રમોને ધ્યાનમાં લેવાશે.

**બી.એ., બી.કોમ., બી.એસ.સી. તથા હાઈસ્કૂલમાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં. એટીકેટી કે બ્લોક કલીયર ન હોય તેવા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં.**

**– અશોકભાઈ એમ. મહેતા (ચેરમેન)**

## શ્રી પ્રાણલાલ વ્રજલાલ દવે ટ્રસ્ટ ફંડ (દવે ફાઉન્ડેશન)

(શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત) શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

ઉપરોક્ત ફાઉન્ડેશનમાંથી નીચે જણાવેલ ડીગ્રી–ડિપ્લોમાં તેમજ વ્યાવસાયિક કોર્સમાં અભ્યાસ કરતા અમદાવાદ, ખેડા, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત જિલ્લાઓમાં રહેતા અને અભ્યાસ કરતાં જ્ઞાતિના વિદ્યાર્થીઓ–વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. આ માટે વિદ્યાર્થીના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂ. ૩,૦૦,૦૦૦/– થી ઓછી હોવી જોઈએ. તેમજ વિદ્યાર્થીએ ડીપ્લોમાં કોર્સ અને ડીગ્રી કોર્સ માટે ધો.૧૦ અને ધો. ૧૨માં ઓછામાં ઓછા ૪૫% માર્ક્સ મેળવેલ હોવા જોઈએ. આ અંગે શ્રી પ્રાણશંકરભાઈ હોલ તેમજ ઉપર જણાવેલ શહેરોના જ્ઞાતિમંડળોના પ્રમુખશ્રીઓ પાસેથી નવા છાપેલા અરજીપત્રક મેળવી જરૂરી વિગતો સાથે તા. ૩૧–૧૨–૨૦૨૫ સુધીમાં મંડળની ઓફિસે મોકલી આપવાનાં રહેશે. અધૂરી વિગતોવાળા અરજી નામંજૂર કરવામાં આવશે. (૧) ઈન્ફર્મેશન ટેકનોલોજી (૨) એન્વાયરમેન્ટ ટેકનોલોજી (૩) વોટર મેનેજમેન્ટ (૪) કોમ્પ્યુટર એપ્લી. સાયન્સ (૫) ટેક્ષટાઈલ ટેકનોલોજી (૬) મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ, સીવીલ એન્જીનીયરીંગ (૭) ફાઉન્ડ્રી ટેકનોલોજી (૮) કેમિકલ ટેકનોલોજી (૯) ઈલેક્ટ્રોનિકસ ઇન્સ્ટ્રુમેન્ટેશન (૧૦) પ્લાસ્ટિક એન્જીનીયરીંગ (૧૧) ઓટો મોબાઈલ એન્જીનીયરીંગ (૧૨) પ્રિન્ટીંગ ટેકનોલોજી (૧૩) હોટલ મેનેજમેન્ટ (૧૪) નર્સિંગ એન્ડ મીડવાઈફ આ ઉપરાંત અન્ય ટેકનીકલ કે વ્યાવસાયિક અભ્યાસક્રમોને ધ્યાનમાં લેવાશે. અધુરી વિગતો તેમજ ખોટી માહિતીવાળી અરજીઓ કોઈપણ જાણ કર્યા વગર નામંજુર કરવામાં આવશે. **એ.ટી.કે.ટી. કે બ્લોક કલીયર ન હોય તેવા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં. નવા ફોર્મમાં અરજી કરવી. બી.એ., બી.કોમ., બી.એસ.સી. તથા હાઈસ્કૂલમાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં.**

ઉપરોક્ત ફાઉન્ડેશનના લઘુઉદ્યોગ ફંડની વ્યાજની આવકમાંથી જ્ઞાતિની વિધવા, ત્યક્તા કે છૂટાછેડા આપેલ બહેનોના બાળકોને તેમજ માતા–પિતા વિનાના અનાથ બાળકોને શૈક્ષણિક સહાય આપવામાં આવનાર છે. આ યોજના હેઠળ સરકાર માન્ય શાળાના ધોરણ ૧૦ થી ૧૨માં તેમજ પોલીટેકનીક કે અન્ય કોઈ સરકાર માન્ય તાલિમી સંસ્થામાં ટેકનીકલ કે વ્યવસાયિક સર્ટિફિકેટ કે ડિપ્લોમાં કોર્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને લાભ આપવામાં આવશે. આ યોજના અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ અને સુરત જિલ્લાઓના ગામોના જ્ઞાતિજનો માટે છે. આ અંગેના અરજી તેમજ નિયમોના ફોર્મ મંડળની ઓફિસેથી અથવા ગામેગામના પ્રમુખ પાસેથી મેળવી લઈ તા. ૩૧–૧૨–૨૦૨૫ સુધીમાં મંડળના સરનામે અમદાવાદ મોકલવાના રહેશે. અધૂરી વિગતો તેમજ ખોટી માહિતીવાળી અરજીઓ કોઈપણ જાણ કર્યા વગર નામંજૂર કરવામાં આવશે ધો. ૧ થી ૧૨ તેમજ ઉપર દર્શાવ્યા સિવાયના ડીગ્રી કોર્સ માટે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ સહાયને પાત્ર નથી.

**– અશોકભાઈ એમ. મહેતા (ચેરમેન)**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ–૨૮
(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

### વિવિધ હરિફાઈઓ

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા આગામી તા. ૩–૧–૨૦૨૬ને શનિવારે બપોરે ૨.૦૦ વાગ્યાથી પુનિતાશ્રમ મુકામે નીચે મુજબની હરિફાઈઓનું દર વર્ષની જેમ જ આયોજન કરવામાં આવેલ છે. જ્ઞાતિના જે યુવક–યુવતીઓ, બાળકો તથા મહિલાઓને આ હરીફાઈઓમાં ભાગ લેવો હોય તેઓ તૃપ્તિબેન જોષી (મો.) ૯૮૨૫૦૦૯૮૫૧ તથા જલ્પાબેન જોષી (મો.) ૭૩૮૩૯૩૧૭૪૨ પર પોતાના નામ નોંધાવી લેશો. (૧) બાળકો માટે ચિત્ર સ્પર્ધા (૨) મહેંદી હરિફાઈ (૩) રંગોળી હરિફાઈ (૪) સંસ્કૃત શ્લોક બોલવા (૫) ક્વીઝ કોન્ટેસ્ટ (૬) વાનગી હરિફાઈ આ સ્પર્ધા મીઠાઈ–તીખી વાનગી એમ બે વિભાગમાં યોજાશે. જેમાં મેંદો, બ્રેડ તથા તળ્યા વગરની વાનગીઓ જે બાળકોને નાસ્તાના ડબ્બામાં આપી શકાય તેવી બનાવીને લાવવાની રહેશે. ઉપરોક્ત સ્પર્ધા અંગે અન્ય માહિતી મોબાઈલ પર મેળવી લેજો.

### પીકનીક

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા દર વર્ષની જેમ જ તા. ૧૮–૧–૨૬ને રવિવારના રોજ ધોળકા રોડ પર આવેલ ગ્રીન ફીલ્ડ પીકનીક ફાર્મ પર પીકનીકનું આયોજન કરેલ છે. જે જ્ઞાતિજનોને આવવાની ઈચ્છા હોય તો ઉપરોક્ત મોબાઈલ નંબર પર માહિતી મેળવીને પોતાના નામ લખાવી દેવા. રવિવારે સવારે ૮.૦૦ વાગ્યે મંગલમ સ્ટોર્સ પર દરેકે આવવાનું રહેશે અને ત્યાંથી કરેલ વાહન દ્વારા પીકનીક સ્થળે જવાનું રહેશે. પરત આવવાનો સમય રાત્રે ૮.૩૦ કલાકે આખા દિવસ દરમ્યાન સવારનો ચા–નાસ્તો, બપોરનું જમવાનું, સાંજની ચા–કોફી ૭.૦૦ વાગ્યે ડીનર બાદ પરત. આખો દિવસ બાળકો મહિલાઓ તથા યુવક–યુવતીને લગતી એકટીવીટી કરાવવામાં આવશે.

### અન્નપૂર્ણા સહાય યોજના

અમારી સંસ્થા દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત ડાકોર–ઉમરેઠ સ્થિત જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને દર ત્રણ મહિને, ત્રણ મહિના ચાલે તેટલી અનાજસામગ્રી પહોંચતી કરવામાં આવે છે. આ માટે અમોને જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાન–દંડ મળતું રહે છે. આ મહિને તેની યાદી નીચે મુજબ છે.

(૧) એક જ્ઞાતિજન તરફથી રૂ. ૩૦૦૦/– (૨) શ્રી ટીનાબેન વિક્રમભાઈ પંડ્યા રૂ. ૧૧૨૭૫/– (૩) શ્રી હીનાબેન રજનીકાંત ભટ્ટ રૂ. ૫૦૦/– (૪) શ્રી ઉલ્કાબેન તથા શ્રી નૂતનબેન રૂ. ૧૦૦૦/– (૫) શ્રી દીલીપભાઈ રમણલાલ શેલત રૂ. ૫૦૦૦/– (૬) શ્રી મંજરીબેન પરેશકુમાર ત્રિવેદી (અન્નપૂર્ણા–એજ્યુકેશન) રૂ. ૫૦૦૦/– (૭) શ્રી રન્નાબેન આશીતકુમાર ડણાક (અન્નપૂર્ણા–એજ્યુકેશન) રૂ. ૫૦૦૦/– (૮) શ્રી પ્રગતીબેન દવે રૂ. ૫૦૦/– (૯) શ્રી બીનાબેન દિનેશભાઈ ડોળીયા રૂ. ૫૦૦/– (૧૦) શ્રી શ્રેયાબેન દર્શનાબેન રૂ. ૫૦૦/– (૧૧) શ્રીમતી વૈશાલીબેન હેતલકુમાર ભટ્ટ (અગીયારસ નિમિત્તે) રૂ. ૮૦૦૦/– (૧૨) શ્રી મુકેશભાઈ એલ. ભટ્ટ તરફથી સ્વ. શ્રી રેખાબેન ભટ્ટના સ્મરણાર્થે રૂ. ૫૦૦૦/–

**દર્શનાબેન ભટ્ટ** — **પ્રમુખશ્રી**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** — **મંત્રીશ્રી**

નામ : કુ. હિતાક્ષી ધવલ શુકલ ઊંચાઈ : ૫'–૭'' વજન : ૫૪ કિલો

જન્મતારીખ : ૧૧–૦૮–૧૯૯૯ જન્મસ્થળ : આણંદ જન્મસમય : ૧૧.૧૦ રાત્રે

અભ્યાસ : માસ્ટર્સ ઈન એકસાઈઝ ફિઝિયોલોજી અને કાઈનોસોલોજી (યુ.એસ.એ.)
સર્ટિફાઈડ ફિઝિકલ થેરાપિસ્ટ (પી.ટી. – યુ.એસ.એ.)

મૂળવતન : આણંદ વ્યવસાય : નોકરી

માસિક આવક : –

ગોત્ર : –

રાશિ : કર્ક

નક્ષત્ર : અંત્ય

નાડી : આશ્લેષા–૪

માતાનું નામ : દિપાલી ધવલ શુકલ

ભાઈ/બહેન : ૧–અપરણિત

પિતાનું નામ : ધવલ દત્તનિરંજન શુકલ

સરનામું : આણંદ, ગુજરાત

ફોન/મોબાઈલ : ૯૩૨૭૫૪૭૮૧૩, ૯૯૧૩૬૦૦૫૬૯

---

નામ : કુ. અવિ પ્રદીપકુમાર ત્રિવેદી ઊંચાઈ : ૫'–૮'' વજન : ૬૫ કિલો

જન્મતારીખ : ૧૭–૧૦–૧૯૯૭ જન્મસ્થળ : નડીયાદ જન્મસમય : ૯.૩૦ કલાકે

અભ્યાસ : બી.બી.એ., આઈ.ટી.એમ.

મૂળવતન : સલુણ વ્યવસાય : નોકરી


માસિક આવક : ૬૬૬૫ ડોલર

ગોત્ર : શાંડિલસ્ય

રાશિ : મેષ

નક્ષત્ર : ભરણી

નાડી : મધ્ય




માતાનું નામ : પ્રીતીબેન ત્રિવેદી

ભાઈ/બહેન : ૧–ભાઈ–પરણિત

પિતાનું નામ : પ્રદીપકુમાર ચંદ્રશંકર ત્રિવેદી

સરનામું : ૧૨, દર્શન સોસાયટી, આઈ. જી. માર્ગ, રાધા કીશન ચેમ્બર પાસે,
પટેલ બેકરી રોડ, નડીયાદ–૨

ફોન/મોબાઈલ : ૯૪૦૯૪૫૧૫૧૦


નામ : કુ. દેવશ્રી દિપક ઢગટ ઊંચાઈ : ૫’–૪’’ વજન : ૫૫ કિલો

જન્મતારીખ : ૧૦–૦૧–૨૦૦૩ જન્મસ્થળ : વેરાવળ જન્મસમય : ૦૭.૦૫ સવારે

અભ્યાસ : બી.ઈ. કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ

મૂળવતન : અમદાવાદ વ્યવસાય : નોકરી

માસિક આવક : –




ગોત્ર : લંકાનસ

રાશિ : મીન

નક્ષત્ર : રેવતી

નાડી : અંત્ય

માતાનું નામ : પ્રેરણા ઢગટ

ભાઈ/બહેન : નથી

પિતાનું નામ : દિપક પ્રફુલ્લભાઈ ઢગટ

સરનામું : આમ્રપાલી રેસીડન્સી, નોવીના, તરસાલી રોડ, વડોદરા

ફોન/મોબાઈલ : ૮૯૦૫૧૪૫૯૦૩

---


નામ : ચિ. ધ્રુવ વિલાસ તરવાડી ઊંચાઈ : ૫’–૮’’ વજન : ૬૭ કિલો

જન્મતારીખ : ૧૧–૦૩–૧૯૯૯ જન્મસ્થળ : ભરૂચ જન્મસમય : ૧૨.૪૦ બપોરે

અભ્યાસ : બી.ટેક. ઈન કમ્પ્યુટર એન્જીનીયરીંગ

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી

માસિક આવક : રૂ ૧,૦૦,૦૦૦/–




ગોત્ર : વત્સ્ય

રાશિ : ધન

નક્ષત્ર : મૂળ

નાડી : આદ્ય

માતાનું નામ : કિર્તન વિલાસ તરવાડી

ભાઈ/બહેન : –

પિતાનું નામ : વિલાસ સુરેશ તરવાડી

સરનામું : પ્લોટ નં. ૪, કંચનગંગા સોસાયટી, કલ્યાણ ભેલ પાસે, બિબાવાડી, પુના–૪૧૧૦૩૭

ફોન/મોબાઈલ : ૮૬૦૦૯૩૧૦૬૫


નામ : ચિ. આલાપ અમીત પંડ્યા ઊંચાઈ : ૫'–૭'' વજન : ૫૭ કિલો

જન્મતારીખ : ૦૫–૧૦–૨૦૦૧ જન્મસ્થળ : વડોદરા જન્મસમય : ૦૫.૧૬ સાંજે

અભ્યાસ : બી.ટેક.

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી

માસિક આવક : રૂ. ૨૨૦૦૦/–




ગોત્ર : ભારદ્વાજ

રાશિ : મેષ

નક્ષત્ર : ભરણી–૩

નાડી : મધ્ય

માતાનું નામ : અલ્પાબેન પંડ્યા

ભાઈ/બહેન : ૧–ભાઈ

પિતાનું નામ : અમિત રાજેન્દ્ર પંડ્યા

સરનામું : ૭૧, વૈકુંઠ–૨ સોસાયટી, ખોડિયારનગર, વડોદરા–૩૯૦૦૨૨

ફોન/મોબાઈલ : ૯૯૭૪૭૦૭૯૮૬, ૯૬૦૧૨૮૩૯૧૫

---


નામ : ચિ. શૈલ સમીર પંડ્યા CANADA ઊંચાઈ : ૫'–૬'' વજન : ૭૪ કિલો

જન્મતારીખ : ૦૮–૦૨–૨૦૦૦ જન્મસ્થળ : નડિયાદ જન્મસમય : ૧૧.૧૧ સવારે

અભ્યાસ : બી.ટેક. (કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ટેકનોલોજી–PDPU)
માસ્ટર ઈન આઈ.ટી. પી.એમ. (CANADA)

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી

માસિક આવક : ૯૦૦૦/– CAD Doller P.M.




ગોત્ર : વચ્છસ

રાશિ : કુંભ

નક્ષત્ર : –

નાડી : આદ્ય

માતાનું નામ : જાગૃતિ સમીર પંડ્યા

ભાઈ/બહેન :


પિતાનું નામ : સમીર વિષ્ણુભાઈ પંડ્યા

સરનામું : ૪૬, ડાહ્યાભાઈ પાર્ક સોસાયટી, કાંકરિયા રોડ,
કાંકરિયા ટેલી. એક્ષ. પાસે, અમદાવાદ

ફોન/મોબાઈલ : ૯૯૨૪૦૯૦૨૯૯, ૯૪૨૮૬૧૩૭૪૬


| | | |
|---|---|---|
| નામ | : | ચિ. પ્રેરક મૌલિક દવે |
| ઊંચાઈ | : | ૫'-૧૧'' |
| વજન | : | ૭૯ કિલો |
| જન્મ તારીખ | : | ૨૭-૦૧-૨૦૦૦ |
| જન્મ સમય | : | ૦૯.૧૬ સવારે |
| જન્મ સ્થળ | : | નડિયાદ |
| અભ્યાસ | : | M.Tech in Lean Engineering and Robotics - U.K. |
| વ્યવસાય | : | વ્યવસાય |
| માસિક આવક | : | રૂ. ૧૦,૦૦,૦૦૦ થી વધુ |
| મૂળ વતન | : | નડિયાદ (હાલ-અમદાવાદ) |
| માતાનું નામ | : | દક્ષા (દૃષ્ટિ) મૌલિક દવે |
| ભાઈ/બહેન | : | ૧-ભાઈ-અપરણિત |
| મોસાળ | : | લક્ષ્મીશંકર કીરપાશંકર દવે - ચાંગા (મો.) ૯૯૦૯૮૨૮૨૧૧ |
| પિતા | : | મૌલિક વિષ્ણુપ્રસાદ દવે |
| સરનામું | : | ૩૧, આમ્રમંજરી બંગલો, ગાલા જીમખાના રોડ,<br>આર્યન ગ્લોડીયાની સામે, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮ |
| ફોન નં. | : | ૯૮૨૫૦૪૯૪૨૯ |
| મોબાઈલ નં. | : | ૯૮૭૯૫૪૪૮૪૧ |
| ઈ-મેઈલ | : | prerak@harikrushna.com, drushti@harikrushna.com |
| સંપર્ક | : | મૌલિક વિષ્ણુપ્રસાદ દવે |
| સરનામું | : | ૩૧, આમ્રમંજરી બંગલો, ગાલા જીમખાના રોડ,<br>આર્યન ગ્લોડીયાની સામે, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮ |
| ફોન નંબર | : | ૯૮૨૫૦૪૯૪૨૯, ૯૮૭૯૫૪૪૮૪૧ |
| પસંદગી | : | Cricket, Football, Formula Racing, Chess |
| નોંધ | : | - |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | કૌશિક |
| નક્ષત્ર | : | ચિત્રા |
| રાશિ | : | કન્યા |
| નાડી | : | મધ્ય |
| ગણ | : | રાક્ષસ |
| વર્ણ | : | વૈશ્ય |
| યોનિ | : | વ્યાઘ્ર |
| વર્ગ | : | ઉંદર |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Vraj Anilkumar Dave |
| Height | : | 5’-8’’ |
| Weight | : | 90 Kg. |
| Birth Date | : | 26-10-1999 |
| Birth Time | : | 04.21 p.m. |
| Birth Place | : | Chennai |
| Education | : | B. E. Electronics & Communication |
| Profession | : | Job |
| Yearly Income | : | Rs. 5,00,000/- |
| Native Place | : | Porda |
| Mother Name | : | Gayatriben Anilkumar Dave |
| Borther/Sisters | : | 1-Brother-Married |
| Maternal Place | : | Kirti Bhalashanker Dave (MAMA) Chennai (M) 09944999048 |
| Father | : | Late. Anilkumar Kalidas Dave |
| Address | : | 14, Radhe Upvan, Opp. Jagabhai Park, Anand - Soijtra Road, Karamsad, Anand-388325 |
| Mobile No. | : | 9106314982, 7041960052 |
| E-mail | : | vrajdave66@gmail.com |
| Contact | : | Kirti Bhalashanker Dave (MAMA) (M) 09944999048 |
| Choice | : | Well Educated Equivalent |
| Note | : | No |

| | | |
|---|---|---|
| Gotra | : | Upnash |
| Nakshatra | : | Kruttika |
| Rashi | : | Taurus |
| Nadi | : | Antya |
| Gan | : | Rakshah |
| Varna | : | Vaishya |
| Yoni | : | Mesh |
| Varg | : | Garud |



| | | |
|---|---|---|
| Name | : | Chi Ushap Prashantkumar Joshi |
| Height | : | 5’-11’’ |
| Weight | : | 77 Kg. |
| Birth Date | : | 06-11-1998 |
| Birth Time | : | 04.00 p.m. |
| Birth Place | : | Nadiad |
| Education | : | Integrated Law Degree |
| Profession | : | Lawyer |
| Monthly Income | : | Rs. /- |
| Native Place | : | - |
| Mother Name | : | Amita P. Joshi |
| Borther/Sisters | : | - |
| Maternal Place | : | - |
| Father | : | Late Prashantkumar Joshi |
| Address | : | 74, Gokuldham, B/h. Rishi Petrol Pump, NH-8, Nadiad |
| Phone No. | : | 7405033398 |
| Mobile No. | : | 9904257177 |
| E-mail | : | joshi.ushap@gmail.com |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | - |
| Note | : | - |
| Gotra | : | Paunas |
| Nakshatra | : | - |
| Rashi | : | - |
| Nadi | : | - |
| Gan | : | - |
| Varna | : | - |
| Yoni | : | - |
| Varg | : | - |



## WebSite પર પત્રિકા મેળવવા માટે

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે* http://abbhs.in *પર* Patrika *વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.*

## What's APP પર પત્રિકા મેળવવા માટે

*પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા* What's APP *માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે* What's APP *ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.*

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી**

**શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810